AL-BALAG MONTHLY

## જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરનું મુખપત્ર



# અલ-બલાગ

### માસિક

**નવેમ્બર**


માનદ તંત્રી

**અહમદ યાકૂબ પટેલ**

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રી સ્થાનેથી | ૩ |
| રાહે ખુદામાં યહૂદીઓની કંજૂસાઈ | ૫ |
| મઆરિફુલ હદીસ | ૯ |
| નબીએ કરીમ સલ.ના હઝ. ખદીજા રદિ. સાથે નિકાહ | ૧૪ |
| દુનિયાને જીવનનું મુળ ધ્યેય ન બનાવો | ૧૬ |
| હકારાત્મકતા : નબવી તાલીમ | ૨૧ |
| મૂડીવાદ અને ઈસ્લામી અર્થવ્યવસ્થા | ૨૫ |
| સાદગી અને લોકસેવા | ૨૭ |
| ઉમ્મતની મગફિરતની ફિકર | ૨૯ |
| તવહીદનો નબવી સ્વભાવ | ૩૦ |
| ફતાવા વિભાગ | ૩૧ |
| બોધકથા | ૩૪ |
| Importance of Recitation of Darud and its Virtues | ૩૫ |
| છેલ્લા પાને | ૩૮ |


સંબંધોની મીઠાશ મુળ દિલમાં હોય છે. માટે દિલને હમેશા સાફ રાખો.

જયારે ...

દિલમાં મેલ અને નારાજગી,

સ્વભાવમાં જિદ અને અણગમો,

અને...

શબ્દોમાં વિરોધ, નકાર અને હરિફાઈ આવી જાય તો...

આ બધું જ જીતી જાય છે. અને સંબંધો, લાગણીઓ તેમજ સગાઈ હારી જાય છે.


**અલ બલાગ**

માસિક

માનદ તંત્રી :

**મુફતી અહમદ દેવલ્વી**

નવેમ્બર – ૨૦૨૦ ઈ.

રબીઉલ અવ્વલ – ૧૪૪૨ હિ.

વર્ષ – ૨૦, અંક – ૯

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

https://www.jamiahjambusar.in/Al__Balag.php

## તંત્રી લેખ

રબીઉલ અવ્વલ... ઈસ્લામી વરસનો આ તે મહીનો છે જેમાં તે મહાન વિભુતીનું આગમન થયું જેમણે માનવતાને શાંતિ, સંતોષ, ન્યાય, સમાનતા, દયાભાવના જેવા મુલ્યવાન આદર્શોની શિખામણ આપી. સ્વાર્થના સંકજામાં માનવતા મરી રહી હતી, અવહેલના અને તિરસ્કારની શિકાર માનવતાને ફરી ઉચ્ચ સ્થાન આપીને એને સર્વાપરી બનાવી. માનવતા આધારિત એક એવી નવી સંસ્કૃતિ અને જીવનપરંપરા શરૂ કરી જેનો કોઈ નમૂનો આગળ કે પાછળના સમયમાં આજ સુધી મળતો. જેમણે જાઈઝ અને નાજાઈઝ, હરામ અને હલાલ, પ્રકાશ અને અંધકાર, ઈષ્ટ અને અનિષ્ટ વચ્ચે ભેદ રેખા દોરી, જેમણે માનવ જગતને માનવીની ગુલામીની સાંકળોમાંથી છોડાવીને એક ખુદાની બંદગીમાં પરોવ્યું. જેમણે સન્માર્ગ–હિદાયતના ચિરાગ રોશન કર્યા, જેમણે વિશ્વાસીઓને સંસ્કૃતિ–તેહઝીબ અને પ્રગતિના પાઠ ભણાવ્યા.....

આપ સલલ્લાહુ અલયહિ વ સલ્લમનું કામ ફકત સિદ્ધાંતો–નિયમો દર્શાવવું ન હતું; બલ્કે સ્વંય અમલ કરી એક ઉત્તમ ઉદારહણ પુરૂં પાડયું. લોકોને જે કરવા કહ્યું, તેના પર પહેલાં પોતે અમલ કરી દેખાડયો. આપે કુર્આનના આદેશાનુસાર અમલ કરીને સ્વજાતને દુનિયા સમક્ષ આદર્શ નમુના તરીકે પેશ કરી. હઝ. આઈશહના શબ્દોમાં 'કા–ન ખુલુકુહુલ કુર્આન' આપ સલલ્લાહુ અલયહિ વ સલ્લમ કુર્આનની જીવતી જાગતી અમલી તફસીર હતા.

આપ સલલ્લાહુ અલયહિ વ સલ્લમે જે શાન સાથે ખુદાની ઈબાદત, ખૌફે ખુદા, ઝુહદ–તકવા, શુક્ર, શબ્ર, કનાઅત, દરગુઝર, રહમ વિગેરેના જે અમુપમ ઉદરાહરણો વિશ્વ સમક્ષ રજૂ કર્યા, એ જ શાન સાથે આપે સત્તા–હુકુમત, ન્યાય–ઈન્સાફ, જિહાદના અમલી નમૂના પણ કાયમ કરી બતાવ્યા. આપની અમાપ દરિયાદિલી અને ઉદારતાએ પોતાનું ઘર ખાલીખમ રાખીને લોકોની ઝોળીઓ છલકાવી દીધી, પોતાના પર પથ્થરો વરસાવનારાઓ પર દુઆઓના ફુલ વરસાવ્યા. આ ઉદારતા અને સહનશીલતા છતાં બાતિલ અને અસત્ય વિરૂધ્ધ હંમેશા સખત હાથે કામ લીધુ. આપે અલ્લાહ તઆલાની મર્યાદાઓના ઉલ્લંઘનને કદીય સહન કરી લીધુ નથી. હક અને બાતિલ, નૂર અને અંધકાર દરમિયાન આપે કદી સમજુતી ફરમાવી નથી. દીની બાબતોમાં આપે જરા ય ઢીલાશ અને છુટછાટથી કામ લીધુ નથી. અનિષ્ટો સામે આપે હરગિઝ હથિયાર

હેઠે મુકયા નથી........

પરંતુ અફસોસ ! આજે આપણે ઉમ્મતીઓ આ "ઉસ્વએ રસૂલ" (જીવન આદર્શ) અને નબવી તા'લીમાત–આજ્ઞાઓને વિસારી બેઠા છીએ. આજે આપણે એક એક નબવી હુકમને નિડરપણે પોતાના પગો નીચે રગડોળી રહ્યા છીએ ! આપણે ઈશ્કે રસૂલ સલલ્લાહુ અલયહિ વ સલ્લમના નામે જાતજાતના ઢોંગધતુરા કરીએ છીએ ! મુહબ્બતે રસૂલ સલલ્લાહુ અલયહિ વ સલ્લમની સામે મુસલમાનોએ તદ્દન પાયાહીન વાતો ઉપજાવી કાઢી છે કે જેનો હુઝૂર સલલ્લાહુ અલયહિ વ સલ્લમની મુબારક અને પવિત્ર ઝિંદગી સાથે સ્નાનસુતકનો પણ સંબંધ નથી!! આવી બે બુનિયાદ પ્રથાઓની ઉજવણી પછી મુસલમાનો સ્વજાતને જવાબદારી મુકત સમજી બેસે છે !

નબીએ કરીમ સલલ્લાહુ અલયહિ વ સલ્લમ જે મિશન લઈને પધાર્યા હતા અને જે મિશનની સર્વોપરિતા માટે આપ સલલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતાનું આખું જીવન ઝઝુમતા રહ્યા, તે મિશનની આજે ભારે અવહેલના અને દુર્દશા થઈ રહી છે. હુઝૂર સલલ્લાહુ અલયહિ વ સલ્લમના ફરમાનો અને આપ સલલ્લાહુ અલયહિ વ સલ્લમ પર ઉતરેલી વહીને આજે ખુલ્લેઆમ પડકારવામાં આવે છે. રબી.અવ્વલમાં તશરીફ લાવનારે જે ખુદા પરસ્તીની તા'લીમ આપી હતી, તેનું આજે નિકંદન નીકળું રહ્યું છે. આજે ચોમેર ઝર પરસ્તી છે, અવલાદ પરસ્તી છે, ખ્વાહિશ પરસ્તી છે, પેટ પૂજા છે, ન માલૂમ કેટકેટલી પરસ્તીઓએ મુસલમાનો પર કબ્જો જમાવી લીધો છે! સર્વત્ર ઝુલ્મ સિતમ છે, વ્યાજનો વ્યાપ છે. દારૂ, જુગાર, વ્યાભિચાર, ચારિત્ર્યહીનતા, અને લંપટાઈનું ચોદિશ સામ્રાજય છે !

આવી હીન હરકતો, ચેષ્ટાઓ અને અણ ઈસ્લામી કૃત્યો પછી ઈશ્કે નબી સલલ્લાહુ અલયહિ વ સલ્લમના પોકળ દાવાઓમાં કોઈ વજન બાકી રહે છે ખરું ? આખિરતમાં હુઝૂર સલલ્લાહુ અલયહિ વ સલ્લમ પુછશે કે હે મારા ઉમ્મતીઓ ! જયારે કુર્આન અને સુન્નત પર ઝુલ્મ થઈ રહ્યો હતો, ત્યારે તમે કયાં હતા ? બેહયાઈ, બેઈન્સાફી અને બે અમલીના જયારે તોફાન ઉઠી રહ્યા હતા, ત્યારે તમે ગણત્રીના દિવસ જલસાઓ કરવા સિવાય બીજું કાંઈ કર્યુ હતું? હુઝૂર સલલ્લાહુ અલયહિ વ સલ્લમના આ પ્રકારના પ્રશ્નોના આપણી પાસે ત્યારે શું ઉત્તરો હશે, એ બાબતે મુસલમાનો એ ગંભીરપણે અને શાંત ચિત્તે વિચાર કરવો જોઈએ.

---

# રાહે ખુદામાં યહૂદીઓની કંજૂસાઈ તેમજ નબીઓની હત્યા કરવાની આદત અને આ ગુનાહોની સજા

—મુફ્તી ફરીદ અહમદ કાવી

بسم اللہ الرحمٰن الرحیم

وَلَا يَحْسَبَنَّ الَّذِيْنَ يَبْخَلُوْنَ بِمَآ اٰتٰىهُمُ اللّٰهُ
مِنْ فَضْلِهٖ هُوَ خَيْرًا لَّهُمْ ؕ بَلْ هُوَ شَرٌّ لَّهُمْ ؕ
سَيُطَوَّقُوْنَ مَا بَخِلُوْا بِهٖ يَوْمَ الْقِيٰمَةِ ؕ وَلِلّٰهِ
مِيْرَاثُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَاللّٰهُ بِمَا
تَعْمَلُوْنَ خَبِيْرٌ ﴿۱۸۰﴾ لَقَدْ سَمِعَ اللّٰهُ قَوْلَ الَّذِيْنَ
قَالُوْٓا اِنَّ اللّٰهَ فَقِيْرٌ وَّنَحْنُ اَغْنِيَآءُ ۘ
سَنَكْتُبُ مَا قَالُوْا وَقَتْلَهُمُ الْاَنْۢبِيَآءَ بِغَيْرِ
حَقٍّ ۙ وَّنَقُوْلُ ذُوْقُوْا عَذَابَ الْحَرِيْقِ ﴿۱۸۱﴾ ذٰلِكَ
بِمَا قَدَّمَتْ اَيْدِيْكُمْ وَاَنَّ اللّٰهَ لَيْسَ بِظَلَّامٍ
لِّلْعَبِيْدِ ﴿۱۸۲﴾ اَلَّذِيْنَ قَالُوْٓا اِنَّ اللّٰهَ عَهِدَ اِلَيْنَآ
اَلَّا نُؤْمِنَ لِرَسُوْلٍ حَتّٰى يَاْتِيَنَا بِقُرْبَانٍ تَاْكُلُهُ
النَّارُ ؕ قُلْ قَدْ جَآءَكُمْ رُسُلٌ مِّنْ قَبْلِيْ
بِالْبَيِّنٰتِ وَبِالَّذِيْ قُلْتُمْ فَلِمَ قَتَلْتُمُوْهُمْ
اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿۱۸۳﴾ فَاِنْ كَذَّبُوْكَ فَقَدْ
كُذِّبَ رُسُلٌ مِّنْ قَبْلِكَ جَآءُوْ بِالْبَيِّنٰتِ
وَالزُّبُرِ وَالْكِتٰبِ الْمُنِيْرِ ﴿۱۸۴﴾

તરજમહ : અને અલ્લાહે એની મહેરબાનીથી આપેલ માલમાં કંજૂસાઈ કરનાર લોકો હરગિઝ એમ ન સમજે કે આ કંજૂસાઈ તેઓના માટે સારી છે, બલકે આ તેમને માટે બહુ જ ખરાબ છે, જે માલમાં એમણે કંજૂસાઈ કરી છે, તેનો કિયામતના દિવસે તેનો ગાળિયો નાંખવામાં આવશે. અને આસમાનો અને જમીનનો વારસો (માલિકી) અલ્લાહનો જ છે. અને તમે જે કંઈ કરો છો તે બધું અલ્લાહ તઆલા ખૂબ જાણે છે. (૧૮૦) અલ્લાહે એવા લોકોની વાત જરૂર સાંભળી છે, જેઓએ (મશ્કરી રૂપે) કહયું કે અલ્લાહ ગરીબ છે અને અમે ધનવાન છીએ. અમે એમની આ વાતને તેમજ નબીઓને નાહક કતલ કરવાના એમના ગૂના જરૂર લખી રાખીશું, અને (પછી) કહીશું કે આગનો અઝાબ ચાખો. (૧૮૧) આ (અઝાબ) તે કામોના લીધે છે જે તમે પોતાના હાથે વહોર્યાં છે અને અલ્લાહ તઆલા બંદાઓ પર જરાય ઝુલ્મ કરનાર નથી. (૧૮૨) જે

લોકો એમ કહે છે કે ખરેખર અલ્લાહ તઆલાએ અમારાથી વચન લીધું છે કે જયાં સુધી કોઈ રસૂલ એવી કુરબાની સામે ન લાવે જેને આગ ખાય જાય, અમે (એના ઉપર) ઈમાન લાવીએ નહીં, (હે નબી સલ. ! એમને) આપ ફરમાવી દો કે તમારી પાસે મારા પૂર્વે ઘણા રસૂલો સ્પષ્ટ નિશાનીઓ અને તમે જે (કુરબાની) કહો છો તે પણ લઈને જરૂર આવ્યા હતા, માટે જો તમે સાચા છો તો તમે એમને શા માટે કતલ કરી દીધા ? (૧૮૩) પછી જો તેઓ તમને જૂઠા કહે તો (ચિંતા ન કરો,) તમારા પહેલાં પણ ઘણાં રસૂલોને તેઓ નિશાનીઓ તથા સહીફહ અને રોશન કિતાબ લઈને આવ્યા હતા છતાં (એમના દ્વારા) જૂઠા કહેવામાં આવ્યા છે.(૧૮૪)

તફસીર : અગાઉની આયતોમાં કહેવામાં આવ્યું હતું કે અલ્લાહ તઆલા નાપાક અને પવિત્રને અલગ તારવીને રહેશે, આ માટે એવા સંજોગો ઉભા કરાશે કે આપોઆપ નિખાલસ મોમિનો અને મુનાફિકોની ઓળખ સામે આવી જાય. આ સંજોગો એટલે જાન અને માલની કુરબાની આપવાના અવસરો.. જે મુનાફિક હશે એ જિહાદ માટે નિકળવાના પણ બહાના કાઢશે અને માલ ખર્ચ કરવામાં પાછીપાની કરશે. આ આયતમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે જેમ જિહાદમાં નહીં જવાથી મૃત્યુ પાછું નથી જતું, એ તો સમય ઉપર આવીને રહે છે, એમ રાહે ખુદામાં માલ ખર્ચ ન કરવો અને કંજૂસાઈ કરવાથી કંઈ માલ ટકી રહેશે એવું નથી. કોઈને કોઈ મુસીબત બીજી આવી પડશે, અને દુનિયામાં કોઈ મુસીબત ન પણ આવે તો આખિરતમાં આ બધો માલ ગળાનો ગાળિયો બનશે. એટલે કંજૂસાઈ કરવું હરહાલમાં માણસ માટે બુરી બાબત છે. અને માણસના મરવા પાછી બધો માલ આખરે અલ્લાહ તઆલાની મરજી અને માલિકીનો થઈને રહે છે. જીવતાજીવ માણસ સખાવત કરી લે તો સવાબ મેળવશે અને કંજૂસાઈ કરીને પાછળ છોડી જશે તો ગળાનો ગાળિયો અને અઝાબનો સબબ બનશે.

હદીસ શરીફમાં આવે છે કે કયામતના દિવસે આવા કંજૂસ માણસનો માલને એક અત્યંત ઝેરીલા સાંપની શકલ આપીને કંજૂસ માણસના ગળામાં લટકાવી દેવામાં આવશે. આ સાપ માણસના બંને હોંટ ઉપર ડંખ મારશે અને કહેશે કે હું તારો માલ છું, તારી દોલત છું. તું પોતાની દોલત ઉપર સાપ બનીને

બેસી રહયો અને ખર્ચ કરવાના અવસરોએ ખર્ચ કર્યો નહીં, અલ્લાહ તઆલાના હકો અદા કર્યા નહીં, તો હવે એનો અઝાબ ચાખ. અઝાબનો આ સિલસિલો કયામતનો દિવસ જેટલો લાંબો ચાલશે ત્યાં સુધી ચાલતો રહેશે.

અયાત નં : ૧૮૧ માં અલ્લાહ તઆલાની મહાનતાનું વર્ણન છે. યહૂદીઓ કંજૂસ હોવાથી રાહે ખુદામાં ખર્ચ કરવાથી દૂર ભાગતા હતા. બલકે માલની કુરબાની આપવા અને ખર્ચ કરવા બાબતે અલ્લાહનો આદેશ સાંભળતા તો ઠેકડી ઉડાવતા હતા. કુરઆનની આયત : من ذا الذی یقرض الله قرضا حسنا નાઝિલ થઈ તો મઝાકમાં કહેવા લાગ્યા કે જુઓ, અલ્લાહ આપણી પાસે કરજ માંગે છે, લાગે છે કે અલ્લાહ તઆલા ગરીબ – નિર્ધન છે અને આપણે માલદાર – ધનવાન છીએ. એમની આ ઠેકડીનો જવાબ અલ્લાહ તઆલાએ આ આયતમાં આપ્યો છે કે, અમે તમારી વાત લખી રાખીશું, હવે એના ઉપર જે કાર્યવાહી થશે એની રાહ જુઓ. અને ફકત આ એક જ વાત લખવામાં આવશે એવું નથી, તમારી અન્ય નાપાક હરકતો પણ લખી રાખવામાં આવશે. એમાં તમારી એક વિશેષ હરકત અને જઘન્ય અપરાધ માસૂન નબીઓને કતલ કરવાનો પણ અમે લખી રાખીશું, તમે આજે પણ તમારા પૂર્વજોની આ હરકતને સારી સમજો છો. અને કયામતના દિવસે જયારે તમારો હિસાબ રજૂ થશે ત્યારે ફેસલો કરવામાં આવશે કે તમારા બધા પાપાચારની મજા ચાખો અને દોઝખના અઝાબમાં પડયા રહો. આ બધી સજા અને અઝાબ તમારા આગલા કામો અને કર્મોનો બદલો છે. તમે એના જ હકદાર છો, આટલા બધા ગુનાહો પછી પણ તમને દોઝખમાં ન નાખવામાં આવે તો એમાં તમારી સાથે અન્યાય છે, અને અલ્લાહ તઆલા અન્યાય નથી કરતા, એટલે તમારી સાથે પણ ન્યાય કરશે અને ન્યાય આ જ છે કે તમને સજા મળે.

આયતમાં ૧૮૨– ૧૮૩માં અલ્લાહ તઆલા ફરમાવે છે કે, જે લોકો અલ્લાહને નિર્ધન – ગરીબ કહે છે, એ જ લોકો એમ પણ દાવો કરે છે કે અલ્લાહ તઆલાએ અમારી સાથે કરાર કરીને વચન લીધું છે કે અમે ફકત એવા રસૂલ ઉપર જ ઈમાન લાવીએ જે એવી કુરબાની રજૂ કરે જેને ખુદાઈ આગ આવીને સળગાવી જાય. અને મુહમ્મદ સાહેબે એવી કુરબાની રજૂ નથી કરી એટલે અમે ઈમાન નહીં લાવીએ.

ઈસ્લામ અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની નુબુવ્વત પુર્વે આગળા અનેક નબીઓની ઉમ્મતો માટે અલ્લાહ તઆલાનો કાયદો આ હતો કે એમને મળનાર ગનીમત અને અલ્લાહ તઆલા ખાતર એમના તરફથી કાઢવામાં આવતી કુરબાનીનો માલ એક વિશેષ સ્થળે મુકી દેતા હતા, જયાં એક ખુદાઈ આગ આવીને એ માલને સળગાવી દે, તો સમજવામાં આવતું કે આ કુરબાની અને જિહાદ અલ્લાહ તઆલાને કબૂલ છે. અલબત્ત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને ઉમ્મતે મુહમ્મદિયહ માટે ગનીમતનો માલ અને ઝકાત વગેરે હલાલ કરવામાં આવ્યાં છે, જેથી ઉમ્મતને ફાયદો થાય. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને આપવામાં આવેલ આ વિશેષતા અને સહૂલતને બહાનું બનાવીને યહૂદીઓ કહેતા કે તમે તો આ બધો માલ પોતે વાપરો છે, અને અમને અલ્લાહ તઆલા આવા કોઈ નબી ઉપર ઈમાન લાવવાની મનાઈ ફરમાવી છે.

અલ્લાહ તઆલાએ આયતમાં એમને જવાબ આપ્યો છે કે પાછલા અનેક નબીઓએ તમારી આ શરત મુજબ એવી કુરબાનીઓ રજૂ કરી હતી, જેને આસમાની આગ આવીને સળગાવી ગઈ, હઝરત ઝકરિયા અલૈ. અને હઝરત યહયા અલૈ. બયતુલ મુકદસના જિમ્મેદાર અને મુતવલ્લી હતા, એમના ઝમાનામાં ગનીમતના માલને આગ સળગાવતી હતી, છતાં તમે આ નબીઓને કતલ કરી દીધા. જો તમે તમારા દાવામાં સાચા છો તો પછી આ બધા નબીઓને તમે કેમ કતલ કર્યા ?

છેલ્લી આયતમાં અલ્લાહ તઆલા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને તસલ્લી આપે છે કે રસૂલોને જૂઠાડવાની પરંપરા એમના અંદર પહેલેથી ચાલતી આવી છે, આપના પૂર્વે પણ અનેક નબીઓ મુઅજિઝહ, નાની મોટી કિતાબો અને અલ્લાહના આદેશો – નિશાનીઓ લઈને આવ્યા હતા, એ બધાને આ લોકોએ જુઠા કહીને એમનું અપમાન કર્યું હતું. આજના યહૂદીઓ પણ એમ કરે એમાં કોઈ નવી વાત નથી. તમારે એનાથી ગમગીન થવાની જરૂરત નથી. એમની તો આ આદત છે, એમના ઈન્કાર અને મશ્કરીથી માયૂસ ન થવું જોઈએ, અને પોતાની ઈસ્લામની દાવતની મહેનત બરાબર ચાલુ રાખવી જોઈએ.

———————————————————————

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

**અનુવાદ** : *મવલાના યાકૂબ બારીવાલા સા. રહ. (બ્લેકબર્ન. યુ.કે.)*

૧૪૮

## આંખના આંસુ અને દિલનો આધાત

(٣١٩) عَنْ اَنَسٍؓ قَالَ دَخَلْنَا مَعَ رَسُوْلِ اللّٰهِ ﷺ عَلٰى اَبِى سَيْفٍ الْقَيْنِ وَكَانَ ظِئْراً لِاِبْرَاهِيْمَ فَاَخَذَ رَسُوْلُ اللّٰهِ ﷺ فَقَبَّلَهٗ وَشَمَّهٗ ثُمَّ دَخَلْنَا عَلَيْهِ بَعْدَ ذَالِكَ وَاِبْرَاهِيْمُ يَجُوْدُ بِنَفْسِهٖ فَجَعَلَتْ عَيْنَا رَسُوْلِ اللّٰهِ ﷺ تَذْرِفَانِ فَقَالَ لَهٗ عَبْدُ الرَّحْمٰنِ ابْنُ عَوْفٍ وَاَنْتَ يَا رَسُوْلَ اللّٰهِ؟ فَقَالَ يَابْنَ عَوْفٍ اِنَّهَا رَحْمَةٌ ثُمَّ اَتْبَعَهَا بِاُخْرٰى فَقَالَ اِنَّ الْعَيْنَ تَدْمَعُ وَالْقَلْبَ يَحْزَنُ وَلَا نَقُوْلُ اِلَّا مَا يَرْضٰى رَبُّنَا وَاِنَّا بِفِرَاقِكَ يَا اِبْرَاهِيْمُ لَمَحْزُوْنُوْنَ۔ (رواه البخارى ومسلم)

તરજુમોઃ– હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે અમો લોકો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) સાથે અબૂ સૈફ લુહારના ઘેર ગયા. આ અબૂ સૈફ હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના પુત્ર ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ)ની દાયા અને દુધ પીવડાવનાર (ખૌલા બિન્તે મુન્ઝીર)ના પતિ હતા (અને ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ)તે સમયે રિવાજ મુજબ તેમની દાયાના ઘેર રહેતા હતા) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ પોતાના પુત્રને ઉચકયા અને ચુમ્યા, અને (તેમના ચેહરા પર) નાક મુકી (જેમકે છોકરાઓને પ્યાર કરતી વખતે કરવામાં આવે છે.) તે પછી ફરી એક વાર (તે પુત્ર ઈબ્રાહીમની અંતિમ બીમારીમાં) અમે ત્યાં ગયા તે સમયે ઈબ્રાહીમ જીવ આપી રહ્યા હતા. (એટલે તેમની અંતિમ ઘડીઓ હતી) તેમની એ હાલત જોઈ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની આંખમાંથી આંસુ વહેવા લાગ્યા. અબ્દુર્રહમાન બિન ઔફ (રદિ.) (જે અંજાણ પણે સમઝયા હતા કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) આવા પ્રકારના બનાવોથી હેરાન થઈ શકતા

નથી, અચંબાથી) તેમણે પુછયું યા રસૂલલ્લાહ! તમારી પણ આ હાલત? આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ એ અ.રહમાન આ (કંઈ ખરાબ વાત કે ખોટી હાલત નથી બલ્કે આ) પ્યાર અને દર્દમંદી છે. ફરીવાર આપની આંખથી આંસુ નિકળ્યા, તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું આંખ આંસુ કાઢે છે. અને દિલ પરેશાન છે. મોંથી અમે તે જ કહીશું જે અલ્લાહને પસંદ હોય, (એટલે ઈન્ના લિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઉન) અને એ ઈબ્રાહીમ તમારી જુદાઈનું અમને દુઃખ છે.

ખુલાસો :– આ હદીષથી જણાયુ કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નું દિલ મુબારક દુઃખ દર્દ વાળા બનાવોથી દુઃખી અને પરેશાન થતું હતુ, અને એવી હાલતમાં આપની આંખથી આંસુ પણ નિકળતા હતા અને બેશક એ માનવતાનો કમાલ છે કે ખુશીની વાતમાં ખુશ થાય અને દુઃખની વાતમાં દુઃખી થાય, જો કોઈની આ હાલત ન હોય તો તમાં માનવતાની ઉણપ છે.

ઈમામે રબ્બાની શૈખ અહમદ ફારૂકી મુજદ્દિદ અલ્ફે સાની (રહ.) એ તેમના એક પત્રમાં લખ્યું છે કે એક વખતમાં મારા દિલની એ હાલત હતી કે ખુશીના કારણોથી મને ખુશી ન થતી હતી, અને દુઃખના બનાવોથી મને દુઃખ ન થતું હતુ હું તે સમયમાં સુન્નતની તાબેદારીની નિય્યતથી એવા મોકાઓ પર ખુશી અને ગમ જબર દસ્તી મારા ઉપર ઓઢી લેતો હતો. ત્યાર પછી અલ્લાહના ફઝલથી તે હાલત જતી રહી, હવે મારી હાલત એવી છે કે દુઃખ દર્દ પહોંચાડનાર બનાવોથી મને તકલીફ થાય છે અને ખુશ કરનાર વાતોથી મને ખુશી થાય છે.

## *મુસીબતમાં સપડાયેલા માણસની ખબર લેવી અને લાગણી દર્શાવવી*

મૃત્યુ અથવા એવા જ કોઈ બનાવ સમયે મુસીબતમાં સપડાયેલાને આશ્વાસન આપવું અને તેની સાથે લાગણી વ્યકત કરવી અને તેનું દુઃખ હલ્કુ કરવાના પ્રયત્નો કરવા ખરેખર મહાન અખ્લાક (ગુણો)માંથી છે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પોતે પણ તેની પાબંદી કરતા હતા. અને બીજાઓને તેની સુચના અને પ્રેરણા પણ આપતા હતા.

(٣٢٠) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ مَسْعُوْدٍ ؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ عَزّٰى مُصَاباً فَلَهٗ مِثْلُ اَجْرِهٖ۔ (رواه الترمذی و ابن ماجة)

તરજુમોઃ– હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ જેણે કોઈ મુસીબતમાં

સપડાયેલની ખબર લીધી તો તેના માટે મુસીબતમાં સપડાયેલ જેટલો જ સવાબ છે. (તિર્મિઝી, ઈબ્ને માજા)

**મય્યતના ઘરવાળાઓ માટે ખાવાની વ્યવસ્થા**

મય્યતના ઘરવાળાઓ તાજા ગમથી એવી હાલતમાં નથી હોતા કે ખાવા વિગેરેની વ્યવસ્થા કરી શકે, જેથી તેમની સાથે લાગણી એ છે કે તે દિવસે તેમના ખાવાનો બંદોબસ્ત બીજા સગા સંબંધીઓ કરી લે.

(۳۲۱) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ جَعْفَرٍؓ قَالَ لَمَّا جَاءَ نَعْیُ جَعْفَرٍ قَالَ النَّبِیُّ ﷺ اِصْنَعُوْا لِآلِ جَعْفَرٍ طَعَاماً فَقَدْ اَتَاهُمْ مَا یَشْغَلُهُمْ (الترمذی وابوداؤد وابن ماجة)

તરજુમોઃ– હઝરત અબ્દુલ્લાહ બિન જઅફર (રદિ.)થી રિવાયત છે કે જયારે તેમના વાલિદ સાહબ હઝરત જાઅફર બિન અબૂ તાલિબ (રદિ.)ની શહાદતની ખબર આવી ત્યારે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું કે જાઅફરના ઘરવાળાઓ માટે ખાવા તૈયાર કરો, તેઓ ખબરથી એવી હાલતમાં છે કે ખાવું બનાવવા તરફ ધ્યાન નહી આપી શકે.

**મૃત્યુ પર સબર અને તેનો સવાબ**

(۳۲۲) عَنْ اَبِی هُرَیْرَةَؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ یَقُوْلُ اللّٰهُ مَالِعَبْدِی الْمُؤْمِنِ جَزَاءٌ اِذَا قَبَضْتُ صَفِیَّهٗ مِنْ اَهْلِ الدُّنْیَا ثُمَّ احْتَسَبَهٗ اِلَّا الْجَنَّةَ۔ (رواه البخاری)

તરજુમોઃ– હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે કે તેના ઈમાનવાળા બંદાઓ (અથવા બંદાઓ)ના કોઈ વહાલાને જયારે ઉઠાવી લઉં, પછી તે સવાબની આશામાં ધીરજથી કામ લે, તો મારી પાસે તેના માટે જન્નત સિવાય કોઈ બદલો નથી. (બુખારી શરીફ)

(۳۲۳) عَنْ اَبِی مُوْسٰی الْاَشْعَرِیِّؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا مَاتَ وَلَدُ الْعَبْدِ قَالَ اللّٰهُ تَعَالٰی لِمَلَائِکَتِهٖ قَبَضْتُمْ وَلَدَ عَبْدِیْ فَیَقُوْلُوْنَ نَعَمْ فَیَقُوْلُ قَبَضْتُمْ ثَمَرَةَ فُؤَادِهٖ فَیَقُوْلُوْنَ نَعَمْ فَیَقُوْلُ مَاذَا قَالَ عَبْدِیْ فَیَقُوْلُوْنَ حَمِدَكَ وَاسْتَرْجَعَ فَیَقُوْلُ اللّٰهُ اِبْنُوْا لِعَبْدِیْ بَیْتاً فِی الْجَنَّةِ وَسَمُّوْهُ بَیْتَ الْحَمْدِ (احمد والترمذی)

તરજુમોઃ– હઝરત અબૂ મૂસા અશઅરી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ જયારે અલ્લાહના કોઈ બંદાની અવલાદનું અવસાન થાય છે તો અલ્લાહ તઆલા રૂહ લેનાર

ફરિશ્તાઓને ફરમાવે છે તમે મારા બંદાના બચ્ચાની રૂહ લઈ લીધી? તેઓ અરજ કરે છે જી હા, તો ફરી અલ્લાહ તઆલા ફરમાવે છે કે તમે તેના દિલનું ફળ તેનાથી છીનવી લીધું? તેઓ અરજ કરે છે જી હાં, ફરી ફરમાવે છે કે તે બંદાએ આ બનાવ પર શું કહ્યું? (કેવી લાગણી વ્યકત કરી ?) ફરિશ્તા અરજ કરે છે કે તે બંદાએ તમારા વખાણ કર્યા. આપનો આભાર માન્યો, અને ઈન્ના લિલ્લાહ પઢી, (એટલે અમે બધા જ અલ્લાહના છે અને અલ્લાહ તરફ જ પાછા જવાના છે.) અલ્લાહ તઆલા ફરમાવે છે કે (તેની એ ધીરજ પર) તેના માટે જન્નતમાં એક આલીશાન મહેલ બનાવો અને તેનું નામ 'બૈતુલ્હમ્દ' રાખો.(મુ.અહમદ, તિર્મિઝી)

## હુઝૂર (સલ.)નો એક સોગપત્રક અને સબરની તલ્કીન

(٣٢٤) عَنْ مُعَاذٍ اَنَّهٗ مَاتَ لَهٗ اِبْنٌ فَكَتَبَ اِلَيْهِ النَّبِىُّ ﷺ التَّعْزِيَةَ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

مِنْ مُحَمَّدٍ رَسُوْلِ اللّٰهِ اِلٰى مُعَاذِبْنِ جَبَلٍ سَلَامٌ عَلَيْكَ فَاِنِّىْ اَحْمِدُ اِلَيْكَ اللّٰهَ الَّذِى لَا اِلٰـهَ اِلَّا هُوَ اَمَّا بَعْدُ فَاعْظَمَ اللّٰهُ لَكَ الْاَجْرَ وَاَلْهَمَكَ الصَّبْرَ وَرَزَقَنَا وَاِيَّاكَ الشُّكْرَ فَـاِنَّ اَنْـفُسَـنَا وَاَمْوَالَنَا وَاَهْلَنَا مِنْ مَوَاهِبِ اللّٰهِ الْهَنِيْئَةِ وَعَوَارِيْهِ الْمُسْتَوْدَعَةِ مَتَّعَكَ اللّٰـهُ بِـهٖ فِى غِبْطَةٍ وَسُرُوْرٍ وَقَبَضَهٗ مِنْكَ بِاَجْرٍ كَبِيْرٍ الصَّلٰوةُ وَالرَّحْمَةُ وَالْهُدٰى اِنِ احْتَسَبْتَـهٗ فَـالـصَّبِـرُ وَلَا يُحِيْطُ جَزْعُكَ اَجْرَكَ فَتَنْدَمَ وَاعْلَمْ اَنَّ الْجَزْعَ لَا يَرُدُّ مَيِّتاً وَلَا يَدْفَعُ حُزْناً وَمَاهُوَ نَازِلٌ فَكَانَ قَدَوَالسَّلَامِ۔ (الطبرانى فِى الكبير والاوسط)

તરજુમોઃ– હઝરત મુઆઝ બિન જબલ (રદિ.)થી રિવાયત છે કે તેમના પુત્રનું અવસાન થઈ ગયું તો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તેમને આ પ્રમાણે તાઅઝિયતનો પત્ર લખાવ્યો :

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ.

અલ્લાહના રસૂલ મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) તરફથી મુઆજ બિન જબલના નામેઃ સલામુન અલૈકુમઃ હું સૌ પ્રથમ અલ્લાહના વખાણ તમારી સામે બયાન કરૂં છું, જેના સિવાય કોઈ ઈબાદત કરવાના લાયક નથી. (તે પછી) દુઆ કરૂં છું કે અલ્લાહ તઆલા તમને આ આઘાત પર મહાન બદલો આપે, અને તમારા દિલને ધીરજ નસીબ કરે, અને અમને અને તમને તેની તેઅમતો પર શુક્ર કરવાની તોફીક આપે, હકીકત એ છે કે અમારી જાન માલ અને ઓવલાદ બધુ જ અલ્લાહે અર્પણ કરેલ ભેટો છે. અને તેણે સોંપેલી

અમાનતો છે. (આ કાયદા મુજબ તમારો પુત્ર પણ તમારી પાસે અલ્લાહની અમાનત હતી) અલ્લાહની જયાં સુધી મરજી હતી ખુશી અને આરામ સાથે તમને તેનાથી ફાયદો ઉઠાવવા અને જીવ ખુશ કરવાનો મોકો આપ્યો, અને જયારે તેની મરજી થઈ પોતાની અમાનત તમારી પાસેથી પાછી લઈ લીધી તે તમને એનો મહાન સવાબ અર્પણ કરશે, અલ્લાહની ખાસ મહેરબાની અને તેની રહમત ત્થા તેના તરફથી હિદાયત (ની તમને ખુશ ખબરી) છે. જો તમે સવાબ અને અલ્લાહની ખુશીની નિય્યતથી ધીરજ રાખી. જેથી એય મઆઝ! ધીરજ રાખો, એવું ન થાય કે રડવું તમારા મહાન સવાબને બરબાદ કરી દે, અને પછી તમને પસ્તાવો થાય, (કે દુઃખ પણ પહોચ્યું અને સવાબથી પણ વંચિત રહ્યો) અને યકીન રાખો કે રડવાથી કોઈ મરનાર પાછો નથી આવતો અને તેનાથી દુઃખ દર્દ પણ દૂર થતુ નથી. અને અલ્લાહ તરફથી જે હુકમ ઉતરે છે તે થઈને જ રહે છે બલ્કે ચોક્કસ થઈ ગયો છે. વસ્સલામ.

ખુલાસો :– કુર્આન પાકમાં મુસીબતો પર ધીરજ રાખનાર બંદાઓને ત્રણ ચીઝોની ખુશ ખબરી આપવામાં આવી છે :

﴿أُولٰئِكَ عَلَيْهِمْ صَلَوَاتٌ مِنْ رَّبِّهِمْ وَرَحْمَةٌ وَّأُولٰئِكَ هُمُ الْمُهْتَدُوْنَ ـ﴾

અર્થાત :– તેમના ઉપર અલ્લાહની ખાસ મહેરબાનીઓ અને નવાજીશો થશે. અને તે રહમતથી માલામાલ કરવામાં આવશે. અને સીધો રસ્તો મેળવશે.

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ આ તાઝિયતનામામાં એ જ કુર્આનની ખુશખબરી તરફ ઈશારો કરતાં ફરમાવ્યું કે :

એય મુઆઝ ! જો તમે સવાબ અને અલ્લાહની ખુશીની નિય્યતથી દુઃખ પર ધીરજ રાખી તો તમારા માટે અલ્લાહની ખાસ મહેરબાની અને તેની રહમત ત્થા હિદાયતની ખુશ ખબરી છે.

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના આ મુબારક તાઅઝિયતનામામાં દરેક મો'મિન માટે તાઝિયત અને નસીહત ત્થા આશ્વાસન અને શાંતવતનો સામાન ભરેલો છે, જેને કંઈ પણ દુઃખ પહોંચે, કાશ પોતાની મુસીબતોમાં આપણે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની આ ઈમાન વધારનાર તેમ શાંતિમય તાઝિયતથી શાંતવત મેળવીએ અને ધીરજ રાખવા તેમ આભાર વ્યકત કરવાને પોતાનું પ્રતિક બનાવી દુનિયા આખિરતમાં અલ્લાહની ખાસ મહેરબાનીઓ અને રહમત તેમ હિદાયતથી લાભ ઉઠાવીએ.

---

# હઝરત ખદીજા રદિ. સાથે નિકાહ

હઝરત ખદીજા રદિ. મક્કાનાં માલદાર અને સજ્જન ખાતૂન ગણાતાં હતાં. મક્કાના અનેક અમીરો એમની સાથે નિકાહ કરવા ઈચ્છતા હતા, પણ તેઓ બધાને ઈન્કાર કરી દેતા હતા. બીજી તરફ નબીએ કરીમ જયારે એમનો વેપારનો માલ લઈને શામ દેશથી પરત આવ્યા તો સામે ચાલીને એમણે નબીએ કરીમ સલ્લલલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે નિકાહ કરવાનો પયગામ મોકલ્યો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે કોઈ માલ – દોલત ન હતાં, બલકે આપ તો સ્વંય ખદીજા રદિ.નો માલ લઈને વેચવા જતા હતા. આવું કેમ થયું ? એનો એક ઉત્તર તો આ છે કે અલ્લાહ તઆલાએ હઝરત ખદીજા રદિ.ની તકદીરમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પત્નિ હોવાનું સદભાગ્ય લખી દીધું હતું અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ માટે હઝ. ખદીજાના માલ વડે રોઝી – રોટીની સવલત પેદા કરવી હતી.

અલબત્ત મશ્હૂર સીરતકાર ઈબ્ને ઈસ્હાકે એનો એક અન્ય સબબ પણ વર્ણવ્યો છે, તેઓ લખે છે :

કુરેશની સ્ત્રીઓ વરસમાં એક દિવસમાં ઉત્સવ મનાવતી હતી, અને આ દિવસે બધી સ્ત્રીઓ હરમ શરીફમાં ભેગી થતી હતી. એકવાર આવા ઉત્સવ વેળા બધી સ્ત્રીઓ હરમ શરીફમાં ભેગી હતી, ત્યારે એક યહૂદી માણસ ત્યાં આવી ચડયો. એને બધી સ્ત્રીઓને સંબોધીને કહયું કે, હે કુરેશની ખાતૂનો ! તમારા દરમિયાન એક નબી આવનાર છે. જેના આવવાનો સમય હવે નજીક આવી ગયો છે. માટે તમારામાંથી જેનાથી પણ શકય હોય, એણે એ નબી સાથે નિકાહ કરીને એમના બીવી બનાવાની સઆદત મેળવી લેવી. કુરેશની ઓરતોને આ યહૂદીની વાત ઉપર ઘણો ગુસ્સો આવ્યો અને બધી સ્ત્રીઓ એને ભાંડવા અને પથરા મારવા માંડી. પરંતુ હઝ. ખદીજા યહૂદીની વાત સાંભળીને વિચારમાં પડી ગયાં, યહૂદીની વાત એમના દિલમાં અસર કરી ગઈ હતી.

અમુક વરસો પછી એમણે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ

સલ્લમને વેપારનો માલ લઈને શામ દેશ મોકલ્યા, ત્યાંથી પરત આવ્યા તો ગુલામ મયસરહે સફર દરમિયાન જોયેલી નિશાનીઓ અને અન્ય ઘટનાઓ હઝરત ખદીજા રદિ. સામે વર્ણવી, એમણે પોતે પણ જોયું કે ભરબપોરે તડકામાં એક વાદળ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર છાંયડો કરે છે તો એમને પેદા યહૂદી માણસની વાત યાદ આવી ગઈ, અને ત્યારે એમને યકીન થઈ ગયું કે યહૂદી સાચી વાત કહેતો હતો તો પછી એ નબી 'મુહમ્મદ' સિવાય કોઈ બીજી વ્યકિત નથી હોય શકતા.

———————————————

બાળકનું બાળપણ ખેલ – કુદના ઝમાનો ગણાય છે. પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અલ્લાહ તઆલાએ સમગ્ર માનવજાત માટે હિદાયત અને તવહીદનો સંદેશ પહોંચાડવાની જવાબદારી આપવાની હતી, એટલે બાળપણથી જ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમમાં એટલી બધી સમજદારી ભરી દીધી હતી કે આપને ખેલ – કુદ પ્રતિ કોઈ શોખ થતો ન હતો. હઝરત હલીમાના ઘરે બાળપણના દિવસોમાં હલીમાના અન્ય બાળકો સાથે રમવા માટે જતા પણ પોતે કોઈ રમતમાં ભાગ લેતા ન હતા. બલકે ઘણીવાર ભાઈઓને રોકતા પણ હતા કે આપણને અલ્લાહ તઆલાએ રમત – ગમત માટે પેદા નથી કર્યા. (દલાઈલુન્નુબુવ્વત)

———————————————

ઈબ્ને અસાકિર રહ. રિવાયત કરે છે કે એક વરસ મક્કામાં દુકાળ પડયો તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના કાકા અબૂ તાલિબ આપને લઈને વરસાદની દુઆ કરવા કાબા શરીફ પાસે આવ્યા. કાબા શરીફની દીવારને પીઠ લગાવીને ઉભા રહયા, બાળ મુહમ્મદની આંગળી પકડી અને અને વરસાદની દુઆ કરી. જયારે દુઆ શરૂ કરી તો આસમાને વાદળનો એક ટુકડો પણ ન હતો, પરંતુ થોડી જ વારમાં ચારે તરફ વાદળો છવાય ગયા અને એટલો બધો વરસાદ વરસ્યો કે મક્કાની તળેટીઓમાં નદીની જેમ પાણી વહેવા લાગ્યું. (તફસીરે મઝહરી)

———————————————

# દુનિયાને મુળ ધ્યેય ન બનાવવા વિશે અમુક આયતો અને હદીસો

હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ 'ઇસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ • *મુફતી ફરીદ અહમદ કાવી*

અત્રે સંક્ષિપ્તમાં અમુક આયતો પ્રતિ તમારું ધ્યાન દોરું છું, એની તફસીર જોઈ લેશો.

(૧) أُولٰئِكَ الَّذِيْنَ اشْتَرَوُا الْحَيٰوةَ الدُّنْيَا بِالْاٰخِرَةِ

તરજમહ : આ જ તે લોકો છે, જેમણે દુન્યાની જિંદગી લાભો આખિરતના બદલામાં ખરીદી લીધા છે. (બકરહ : રૂકુઅ ૧૦)

(૨) فَمِنَ النَّاسِ مَنْ يَقُوْلُ رَبَّنَا آتِنَا فِي الدُّنْيَا وَ مَا لَهٗ فِي الْآخِرَةِ مِنْ خَلَاقٍ

તરજમહ : અમુક માણસો એવું કહે છે કે હે અમારા રબ ! અમને જે કંઈ આપવું હોય એ દુનિયામાં જ આપી દયો. (એટલે એમને જે કંઈ મળવાનું હશે એ દુનિયામાં જ મળી જશે.) અને આખિરતમાં એમનો કોઈ હિસ્સો નહીં હોય.

(૩) زُيِّنَ لِلَّذِيْنَ كَفَرُوا الْحَيٰوةُ الدُّنْيَا وَ يَسْخَرُوْنَ مِنَ الَّذِيْنَ آمَنُوا وَ الَّذِيْنَ اتَّقَوْا فَوْقَهُمْ يَوْمَ الْقِيَامَةِ وَ اللّٰهُ يَرْزُقُ مَنْ يَشَاءُ بِغَيْرِ حِسَابٍ

તરજમહ : કાફિરો માટે દુનિયાની જિંદગી સરળ કરી દેવામાં આવી છે. અને આ જ કારણે તેઓ મુસલમાનોની ઠેકડી ઉડાવે છે, હાલાંકે કયામતના દિવસે આ મુસલમાનો એમનાથી ઊંચા સ્થાને (જન્નત)માં હશે, અને રોઝી તો અલ્લાહ તઆલા જેને ચાહે એને બેહિસાબ આપી દે છે. (એ કોઈ ખૂબી કે મકબૂલ હોવાની દલીલ નથી.)

એક હદીસમાં છે કે અલ્લાહ તઆલા દુનિયા એવા માણસને પણ આપી દે છે જેને ચાહતા હોય અને એવા માણસને પણ આપે છે જેને ચાહતા નથી. પરંતુ દીન તો ફકત એવા માણસને જ આપે છે જેને અલ્લાહ તઆલા ચાહતા હોય. માટે જેને દીન આપવામાં આવ્યો હોય એ અલ્લાહનો મહબૂબ હશે. (હાકેમ/ઝહબી)

(૪) قُلْ مَتَاعُ الدُّنْيَا قَلِيْلٌ الْآخِرَةُ خَيْرٌ لِمَنِ اتَّقٰى وَ لَا تُظْلَمُوْنَ فَتِيْلًا

તરજમહ : તમે કહી દો કે દુનિયાનો નફો તો ઘણો ઓછો છે, અને આખિરત જ બેહતર ઠેકાણું છે, એવા માણસ માટે જે મુત્તકી હોય અને તમારા ઉપર ઝરાયે જુલમ કરવામાં આવશે નહીં.

(૫) وَمَا الْحَيٰوةُ الدُّنْيَا إِلَّا لَعِبٌ وَ لَهْوٌ وَلَلدَّارُ الآخِرَةُ خَيْرٌ لِّلَّذِيْنَ يَتَّقُوْنَ أَفَلَا تَعْقِلُوْنَ (انعام، ع: ٤)

તરજમહ : અને દુનિયાની જિંદગી તો ફકત ખેલ – કુદ અને તમાશો જ છે. પાછળનું ઠેકાણું મુત્તકીઓ માટે સારું છે. શું તમે આવી સ્પષ્ટ વાત પણ નથી સમજતા ?

(૬) وَ ذَرِ الَّذِيْنَ اتَّخذُوا دِيْنَهُمْ لَعِباً وَّ لَهْواً وَّ غَرَّتْهُمُ الحَيٰوةُ الدُّنْيَا

અને જે લોકો એમના ધર્મને ખેલ – તમાશો બનાવે છે અને દુનિયાની જિંદગીએ એમને ફરેબમાં નાખી રાખ્યા છે, એમનાથી બિલકુલ અલગ રહો.

(૭) تُرِيْدُونَ عرض الدُّنْيَا واللّٰهُ يُرِيْدُ الآخِرةَ

તમે દુનિયાનો માલ માંગો છો અને અલ્લાહ તઆલા આખિરત ઈચ્છે છે.

(૮) أَرَضِيْتُمْ بِالحَيٰوةِ الدُّنْيَا مِنَ الآخِرَةِ فَمَتَاعُ الْحيٰوةُ الدُّنْيَا فِى الآخِرَةِ إِلَّا قَلِيْل

શું તમે આખિરતની સામે દુનિયાની જિંદગી ઉપર રાજી થઈ ગયા ? તો સમજી લ્યો કે દુનિયાની જિંદગીના લાભો આખિરત સામે કંઈ પણ હેસિયત નથી ધરાવતા, ઘણા જ તુચ્છ છે.

(૯) مَنْ كَانَ يُرِيدُ الحَيٰوةَ الدُّنْيَا وَ زِيْنَتَهَا نُوَفِّ إِلَيْهِمْ أَعْمَالَهُمْ فِيْهَا وَهُمْ فِيْهَا لَا يُبْخَسُوْنَ أُلٰئِكَ الَّذِيْنَ لَيْسَ لَهُمْ فِي الآخِرَةِ إِلَّا النَّار وَ حَبِطَ مَا صَنَعُوا فِيْهَا و بٰطِلٌ مَّا كَانُوا يَعْمَلُوْنَ (هود، ع: ٣)

જે માણસ પોતાના નેક આમાલ વડે ફકત દુનિયાની જિંદગીના લાભો અને એની રોનક ઈચ્છતો રહે તો અમે આવા લોકોને એમના આમાલનો બદલો દુનિયામાં જ પૂરો આપી દઈએ છીએ, અને એમાં કંઈ પણ કમી નથી કરતા. આવા લોકો માટે આખિરતમાં કોઈ જહન્નમ સિવાય કંઈ નથી, અને એમના આમાલ આખિરતમાં બેકાર અને બેઅસર પૂરવાર થશે.

(૧૦) اللّٰهُ يَبْسُطُ الرِّزْقَ لِمَنْ يَشَاءُ وَ يَقْدِرُ وَ فَرِحُوا بِالحُيٰوةِ الدُّنْيَا وَ مَا الحَيٰوةُ الدُّنْيَا فِى الآخِرةِ إِلَّا مَتَاعٌ (رعد، ع: ٣)

(૧૧) જે માણસ નેક આમાલ કરીને દુનિયામાં જ બદલો ચાહતો હોય,

અમે એવા માણસમાંથી જેને ઈચ્છીશું તેને દુનિયામાં જેટલો ચાહશે એટલો બદલો આપી દઈશું. પછી આખિરતમાં એના માટે જહન્નમ નક્કી કરી દઈશું, જેમાં તે બદહાલ અને ધક્કાખાતો દાખલ થશે. અને જે કોઇ આખિરત(ના સવાબ)ની ઈચ્છા રાખશે અને તે (આખિરત માટે) તેને ઘટતી કોશિશ કરશે એ શરતે કે મુઅમિન પણ હોય તો એવા લોકોની એ કોશિશ કબૂલ થશે. અમે એમને તથા તેમને સૌને આપના પરવરદિગારની બખ્શિશમાંથી (દુનિયામાં) મદદ પહોંચાડીએ છીએ અને આપના પરવરદિગારની (આ દુનિયાની) બખ્શિશ (કોઈના ઉપર પણ) બંધ નથી.(૨૦)

(૧૨) તમે કદાપિ એવી વસ્તુઓ તરફ આંખ ઉઠાવીને પણ ન જુઓ, જેનાથી અમે કાફિરોના વિવિધ સમુહોને એમની કસોટી માટે લાભાંવિત કર્યા છે, આ બધું દુનિયાની જિંદગીની રોનક છે. અને તમારા પરવરદિગારનો આખિરતનો તોહફો એનાથી બેહતર અને હમેંશા બાકી રહેનાર છે. (સૂરએ તાહા)

(૧૩) જે માણસને અમે એક સુંદર વાયદો કર્યો છે, અને તેને તે જરૂર મળશે, આવો માણસ એક એવા માણસ સમાન હોય શકે છે, જેને અમે અમુક દિવસો માટે દુન્યવી જિંદગીના લાભો આપ્યા છે, પછી કયામતના દિવસે તે ધરપકડ કરવામાં આવેલ લોકોમાં હશે ?

(૧૪) જે લોકો દુનિયાના તલબગાર હતા, તેઓ કહેશે કે કાશ અમને પણ એવા અસબાબ મળે, જેવા કારૂનને મળ્યા છે, એ તો મોટો નસીબદાર છે. અને જે લોકોને અમે દીન આપ્યો હતો, તેઓ કહેવા લાગ્યા કે, તમારો નાશ થાય ! ઈમાન વાળા માટે અને નેક આમાલ કરનાર માટે તો અલ્લાહનો સવાબ બેહતર છે, અને આ સવાબ સબ્ર કરનારાઓને જ પૂરે પૂરો મળે છે.

(૧૫) આ આખિરતનું ઘર અને એનો સવાબ અમે એવા લોકોને જ આપીશું જેઓ દુનિયામાં મોટા બનવા ચાહતા ન હતા, ફસાદ ઈચ્છતા ન હતા, અને મુત્તકી લોકોનો અંજામ બેહતર છે.

(૧૬) બેશક અલ્લાહનો વાયદો સાચો છે, માટે તમને દુનિયાની જિંદગી ધોકામાં ન નાખી દે, અને કોઈ બીજો ફરેબ પણ તમને અલ્લાહ વિશે ધોકામાં ન નાખે.

(૧૭) જે માણસ આખિરતની ખેતીનો તલબગાર હશે, અમે એની ખેતીમાં પ્રગતિ આપીશું, અને જે દુનિયાની ખેતીનો તલબગાર હશે અમે એમને દુનિયામાંથી કંઈક આપી દઈશું અને આખિરતમાં એને કંઈ પણ હિસ્સો નહીં મળે.

આ બધા ઉપરાંત કુરઆને કરીમની અનેક આયતોમાં આ બાબત સમાન રીતે વર્ણવવામાં આવી છે કે કાફિરોનો ધ્યેય ફકત દુનિયાની જિંદગી હોય છે. અને દુનિયાના લાભો જ એમની નજરમાં હોય છે. તેઓ આખિરત ઉપર ઈમાન જ નથી ધરાવતા, અને એમના અમુક ફિરકાઓ ઈમાન ધરાવતા હોય તો પણ આખિરત ઉપર ઈમાનની શરત પૂરી નથી કરતા, એટલે અલ્લાહ તઆલા પાસે એમને જે કંઈ મળવાનું છે એ આ દુનિયામાં જ મળી જાય છે. તેઓ જે નેક કામો કરે છે એનું ફળ એમને આ દુનિયામાં જ મળી જાય છે.

મહાન વિદ્વાન સહાબી હઝરત ઈબ્ને અબ્બાસ રદિ.ને કોઈએ સૂરએ હૂદની આયત : من كان يريد الحيوة الدنيا નો મતલબ પૂછયો તો ફરમાવ્યું કે, એમના આમાલનો બદલો શારીરિક તંદુરસ્તી, અવલાદ, અને માલ – ખુશીઓ વડે પૂરો કરી દેવામાં આવે છે. અને તે પણ સૂરએ બની ઈસરાઈલની આયત : من كان يريد العاجلة ની શરત મુજબ આપવામાં આવે છે. આ બંને આયતો અગાઉ આવી ચુકી છે. સૂરએ બની ઈસરાઈલની આયતની શરત મુજબ હોવાનો મતલબ આ છે કે દુનિયામાં પણ જેને અલ્લાહ તઆલા ચાહે છે એને જ આપવામાં આવશે, અલ્લાહ તઆલા ઉપર કોઈને બદલો આપવો જરૂરી કે ફરજ નથી. હઝરત સઅદ બિન જુબૈર રદિ.એ પણ સૂરએ હૂદની ઉપરોકત આયતનો આવો જ મતલબ વર્ણવ્યો છે. હઝરત કતાદહ રદિ. આ આયતની તફસીરમાં કહે છે કે અલ્લાહ તઆલા એમના નેક આમાલનો બદલો દુનિયામાં પુરો આપી દે છે, અને આખિરતમાં પહોંચતા સુધી કોઈ નેકી એમની બાકી રહેતી નથી. અને મોમિનને એની નેકીઓનો બદલો દુનિયામાં પણ મળે છે અને ઈમાનના કારણે આખિરતમાં પણ એનો સવાબ મળે છે.

હઝરત મુજાહિદ રહ. ફરમાવે છે કે કાફિરોને દુનિયામાં જ પૂરું વળતર આપી દેવામાં આવે છે.

હઝરત મયમૂન બિન મહરાન રહ. ફરમાવે છે કે જે માણસ અલ્લાહ

તઆલા પાસે પોતાનું સ્થાન જાણવા ઈચ્છતો હોય તે પોતાના આમાલ ઉપર નજર કરી લે, કારણ કે માણસ એના આમાલ ઉપર જ પહોંચવાનો છે. એટલે કે જે દરજાનો અમલ હશે એવો મામલો અલ્લાહ તરફથી એની સાથે કરવામાં આવશે. કોઈ મોમિન હોય કે કાફિર, જે પણ નેક અમલ કરશે એનો બદલો જરૂર મળશે, પરંતુ મોમિનને દુનિયા અને આખિરત બંનેમાં બદલો મળશે અને કાફિરને ફકત દુનિયામાં જ મળશે.

હઝરત મુહમ્મદ બિન કઅબ રહ. સૂરએ ઝિલઝાલની આયત : فمن يعمل مثقال ذرة خيرا يره و من يعمل مثقال ذرة شرا يره (જે કોઈ એક રજમાત્ર નેકી કરશે એનું ફળ એ જોશે અને જે કોઈ એક રજમાત્ર બુરાઈ કરશે એનું ફળ પણ એને મળશે)ની તફસીરમાં ફરમાવે છે કે કાફિર માણસ રજમાત્ર નેકી કરે છે તો એનો બદલો દુનિયામાં જરૂર મેળવે છે, એના શરીરે, માલમાં, અવલાદમાં.. અને પછી જયારે તે દુનિયામાંથી જાય છે તો એની પાસે એવી કોઈ નેકી બાકી નથી રહેતી, જેનો બદલો એને મળી ન ગયો હોય. અને મોમિન રજમાત્ર બુરાઈ કરે છે તો એનો બદલો (ઘણીવાર) દુનિયામાં જ આપી દેવામાં આવે છે, શરીરે કે માલ – અવલાદમાં, અને પછી જયારે તે દુનિયામાંથી જાય છે તો એની કોઈ બુરાઈ બાકી નથી હોતી. (દુર્રે મન્ષૂર)

કારણે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે :

أمتى هذه مرحومة ليس عليها عذاب فى الأخرة عذابها فى الدنيا الفتن والزلازل والقتل و البلايا (كذا فى الجامع الصغير و رقم له بالصحة)

મારી ઉમ્મત ઉપર અલ્લાહ તઆલાની રહમત છે, એના ઉપર આખિરતમાં વધારે અઝાબ નહીં હોય, એને આ દુનિયામાં જ ફિત્નાઓ, ધરતીકંપો, હત્યાઓ અને મુસીબતો દ્વારા અઝાબ આપી દેવામાં આવશે.

બીજી હદીસમાં છે કે મારી આ મરહૂમ ઉમ્મતને આખિરતનો કાયમી અઝાબ નહીં આપવામાં આવે. પરસ્પર એકબીજાથી પહોંચતી તકલીફો જ એનો અઝાબ છે. બીજી એક હદીસમાં છે કે મારી ઉમ્મતનો અઝાબ દુનિયામાં જ છે. એક અન્ય હદીસમાં છે કે અલ્લાહ તઆલાએ આ ઉમ્મતનો અઝાબ દુનિયામાં જ આપી દેશે. (મજમઉઝઝવાઈદ)

---

## નબવી કાર્યપદ્ધતિનો આકર્ષક ગુણ

# હકારાત્મકતા

હકારાત્મક વિચારસરણી એક પ્રકારનું અમૃતજળ છે. દરેક માણસના દિલ – દિમાગની સફાઈ માટે અને બે કે વધુ માણસો વચ્ચેના સંબંધોની સફાઈ અને સચ્ચાઈ માટે એ ઘણી જ જરૂરી બાબત છે. માણસ અલ્લાહ તઆલાની તકદીરમાં બંધાયેલો છે, અલ્લાહની મરજી મુજબ સારા નરસા દિવસો અને સંજોગો માણસ ઉપર આવે છે. પણ દરેક સ્થિતિમાં માણસે સારું વિચારવું, એ નબવી તાલીમ છે. રાહતમાં શુક્ર અને મુસીબતમાં સબ્રનો આદેશ તો છે જ, પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એનાથી આગળ વધીને અલ્લાહ તઆલાનો નિયમ ઉમ્મતને બતાવ્યો કે, અલ્લાહ તઆલા ફરમાવે છે : બંદો મારા વિશે જેવું વિચારે છે, હું બંદાઓ સાથે એવો જ રહું છું. એટલે કે દરેક સ્થિતિમાં હકારાત્મક વિચારો જ અપનાવો. મુસીબતને પણ મુસીબત ન સમજો, બલકે એમ વિચારો કે આ પણ અલ્લાહ તઆલાએ આપેલ એક રાહત છે.

કુરઆનમાં હઝ. ઈબ્રાહીમ અલૈ. અને એમની કોમ વચ્ચેનો વાર્તાલાપ ટુંકમાં વર્ણવવામાં આવ્યો છે : હઝ. ઈબ્રાહીમ અલૈ. એમને કહે છે કે આ મુર્તિઓ તમારી વાતો અને દુઆઓ સાંભળે છે ? તમને કોઈ લાભ – નુકસાન પહોંચાડવા ઉપર શકિતમાન છે ? તો લોકોએ જવાબ આપ્યો કે, અમે બાપદાદાઓના પગલે ચાલીએ છીએ, તેઓ આવું કરતા હતા એટલે અમે પણ એને જ બરાબર સમજીએ છીએ. મુળ તો હઝરત ઈબ્રાહીમ અલૈ. લોકોની બુદ્ધિ અને સમજને જાગૃત કરવા માંગતા હતા, પણ વરસોની જડતા એકદમ જતી ન હતી, એટલે હઝરત ઈબ્રાહીમ અલૈ. પોતાની વાત રજૂ કરી અને પછી જવાબમાં સામા પક્ષની કોઈ નકારાત્મક વાત વર્ણવવાના બદલે હકારાત્મક અભિગમ રજૂ કર્યો : મારો પરવરદિગાર મને ખવડાવે – પીવડાવે છે, બીમાર પડું તો સાજો કરે છે, અને મને એનાથી આશા છે કે મર્યા પછી એ મારી મગફિરત પણ કરશે. ભૂખ, તરસ, બીમારી અને ગુનાહો અને મૃત્યુ, બધી નકારાત્મક બાબતો છે, એ પણ અલ્લાહ તઆલાની કુદરત જ છે. પણ હઝરત ઈબ્રાહીમ અલૈ.એ ખાવા – પીવા, શિફા આપવી અને મગફિરત કરવા વગેરેની હકારાત્મક બાબતો સામે રાખીને અલ્લાહ તઆલાની મહાનતા અને કુદરત વર્ણવી.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની તાલીમ અને કેળવણીમાં

પણ એના અનેક ઉદાહરણો મળે છે. અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતે પૂરી તકેદારી સાથે એનું આચરણ કરતા હતા એ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના જીવનચરિત્રથી સ્પષ્ટ સમજી શકાય છે.

● તાઈફના લોકોએ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ઘણા સતાવ્યા હતા. લોકોના વર્તનથી આપ ઘણા જ ગમગીન હતા. લોહીલુહાણ હાલતમાં બહાર નીકળ્યા. ઉપર જોયું તો એક વાદળ માથા ઉપર ચાલી રહયું હતું અને જિબ્રઈલ અલૈ. એના ઉપર સવાર હતા. હઝરત જિબ્રઈલ અલૈ.એ પોકારીને કહયું કે, આ લોકોએ તમને જે જવાબ આપ્યો છે અને જે વર્તન કર્યું છે, એ બધું અલ્લાહ તઆલાને ખબર છે. અલ્લાહ તઆલાએ પહાડોનો ફરિશ્તો તમારી પાસે મોકલ્યો છે, તમે ચાહો તે એનાથી કામ લઈ શકો છો. પછી એ ફરિશ્તાએ સલામ કરીને અરજ કરી કે, તમે હુકમ કરો તો આ પહાડોને ભેગા કરીને આખા તાઈફ શહેરનો કચ્ચરઘાણ કરી દઉં ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જવાબ આપ્યો : ના, ના, મને તો પાકી ઉમ્મીદ છે કે આ નાફરમાનોની અવલાદમાં અલ્લાહ તઆલા એવા લોકો પેદા કરશે જે એક અલ્લાહની ઈબાદત કરશે અને શિર્ક નહીં કરે.

આ કિસ્સામાં આપણે જોઈ શકીએ છીએ કે, તાઈફની સફર અને ત્યાં જે કંઈ થયું એમાં કોઈ એક બાબત એવી ન હતી, જે સારી કહી શકાય. પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને એમના વિશે થોડું પણ બુરું વિચારવું પસંદ ન હતું.

● એક સહાબી અબ્દુલ્લાહ હિમાર રદિ. નામે હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે ઘણી જ મુહબ્બત કરતા હતા. કદી કદી કંઈ તોહફો પણ પેશ કરતા હતા. એકવાર મદીના બહારથી કોઈ બદુ મધ વેચવા આવ્યો. અબ્દુલ્લાહ રદિ.એ મધનો સોદો કર્યો અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં રજૂ કરીને કહયું કે, યા રસૂલલ્લાહ ! આ આપના માટે તોહફો છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કુબૂલ કરી લીધું. થોડી વાર થઈ એટલે મધ વેચનાર વ્યકિત હઝ. અબ્દુલ્લાહ રદિ.ને શોધતો શોધતો આવ્યો કીમતની માંગણી કરી. અબ્દુલ્લાહ તો ગરીબ માણસ હતા. એમની પાસે પૈસા કયાંથી હોય ? તેઓ મધ વેચનારને લઈને સીધા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં આવ્યા અને અરજ કરી કે એને મધના પૈસા ચુકવી દયો.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અરજ કરી કે, તમે તો મધ મને

તોહફામાં આપ્યું હતું ને ? અબ્દુલ્લાહ રદિ.એ કહયું કે, તોહફો જ છે. પણ મેં જેની પાસેથી આ તોહફો ખરીદયો છે, એને આપવા માટે મારી પાસે કંઈ નથી. અલ્લાહના રસૂલ મુસ્કુરાયા અને મધ વેચનારને એની કીમત ચુકવી દીધી.

અબ્દુલ્લાહ રદિ. દિલથી સાચા – પાકા મોમિન હતા. અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી ઘણી જ મુહબ્બત કરતા હતા. અલબત્ત અનેકવારની સજા અને તોબા છતાં શરાબ પીવાની આદત એમનાથી છુટતી ન હતી. અનેક વાર પકડીને લાવવામાં આવતા અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એમને કોરડા, જૂતા કે લાકડીઓ મારીને સજા કરતા અને છોડી દેતા. એકવાર એમને શરાબ પીધેલી હાલતમાં પકડીને લાવવામાં આવ્યા. સજા કરીને એમને પાછા ઘરે જવાની રજા દેવામાં આવી. આ દરમિયાન એક બીજા સહાબીના મોંઢે આ શબ્દો નીકળી ગયા :

હે અલ્લાહ ! આ માણસ ઉપર લાનત કર, કેટલી વાર એક જ ગુનામાં એને પકડવામાં આવે છે.

એમ તો વાત સાચી હતી, પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સદાએ હકારાત્મક પાસાને જ સામે રાખતા હતા. પેલા સહાબી રદિ.ને ફરમાવ્યું કે, ખુદાની કસમ ! હું તો એમના વિશે ફકત એટલું જ જાણું છું કે તેઓ અલ્લાહ અને એના રસૂલ પ્રત્યે ઘણી જ મુહબ્બત રાખે છે. તમે તમારા ભાઈ વિશે આવા શબ્દો બોલીને શયતાનની મદદ ન કરો.

ઉપરોકત ઘટનામાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અનેકવારની નાફરમાની છતાં હઝરત અબ્દુલ્લાહ રદિ.માં જે હકારાત્મક બાબત હતી એને જ યાદ રાખી, બાકી બધી બુરાઈઓ સજા કરીને ભૂલી જતા હતા. આ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઉચ્ચ સંસ્કાર છે. સામાન્ય માણસો અને બીજા સરદારો હમેંશા એમના તાબા હેઠળના લોકોની બુરાઈઓ અને ભૂલો યાદ રાખે છે. મહાન માણસો અને કોમના સાચા રાહબરો લોકોની ખામીઓ ભૂલીને એમની ખૂબીઓથી કામ લેતા હોય છે. આવી રીતે જ સમાજ અને કોમનું ઘડતર થાય છે અને તે પ્રગતિ કરે છે.

● એકવાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મદીનાના એક મહોલ્લામાં પહોંચ્યા. ત્યાંના લોકો આપને મળવા ભેગા થઈ ગયા. એક માણસ માલિક બિન દખ્શન દેખાયા નહીં, કોઈકે કહયું કે, તે મુનાફિક થઈ ગયો છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તુરંત ટકોર કરી કે, આમ ન બોલો. તેઓ

લા ઈલાહ ઈલ્લલ્લાહ... નો એકરાર કરે છે. એટલે કે તેઓ મુસલમાન છે.

● હિજરી સન ૬ માં હુદયબિયહ વેળા મક્કા વાળાઓ સાથે દસ વરસ સુધી લડાઈ ન કરવાની સુલહ થઈ હતી, પણ મક્કાના લોકોએ આ સુલહ અનેક વાર તોડી હતી, એટલે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મક્કા ઉપર ચડાઈ કરવાનો નિર્ણય કર્યો. અને મદીના શરીફમાં એની તૈયારીઓ શરૂ કરવામાં આવી. તૈયારી સંપૂર્ણ રીતે ગુપ્ત રાખવામાં આવી હતી અને દરેકને તાકીદ કરી દેવામાં આવી હતી કે આપણી તૈયારીની વાત મદીના બહાર જાય નહીં. આમ છતાં એક સહાબી હઝરત હાતિબ રદિ.એ એમના અમુક લાભો સામે રાખીને આ તૈયારીના સમાચાર મક્કા પહોંચાડવા માટે એક સ્ત્રીને પત્ર લઈને મક્કા મોકલી. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અલ્લાહ તઆલાએ આ જાણકારી આપી દીધી તો એ સ્ત્રીને પત્ર સાથે અર્ધા રસ્તેથી પકડી પાડવામાં આવી. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે હઝરત હાતિબ રદિ.ને બોલાવ્યા અને પૂછયું : હાતિબ આ શું છે ?

હઝ. હાતિબ રદિ.ની ભૂલ ઘણી જ મોટી હતી. ગુપ્ત સમાચાર શત્રુને આપવાના ગુનામાં કતલ સિવાય બીજી કોઈ સજા ન હોય. એટલે તુરંત હઝ. ઉમર રદિ. બોલ્યા કે, યા રસૂલલ્લાહ ! મને પરવાનગી આપો તો હું આ મુનાફિકનું માથું ઘડથી ઉડાવી દઉં !

પરંતુ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જવાબ આપ્યો :
ઉમર ! નહીં ! તેઓ બદરની લડાઈ વેળા આપણી સાથે હતા. એટલે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને હઝરત હાતિબ રદિ.ની પાછલી નેકીઓ યાદ હતી, એને સામે રાખીને ફરમાવ્યું કે, બદર જેવા સમયે જે માણસ આપણી સાથે હતો, એ હવે આપણો દુશ્મન કે મુનાફિક ન હોય શકે. એમનાથી ભૂલ થઈ હશે. અને પછી એમની પૂછપરછ કરી. એમણે કહયું કે, હું પાકો મુસલમાન છું. પણ મક્કામાં મારા ઘરવાળાઓ અને માલ છે, હું એમ વિચારતો હતો કે આટલી જાણકારી મક્કાના લોકોને આપી દઉં તો એના બદલામાં તેઓ મારા ઘરબાર અને માલને નુકસાન ન કરે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હું તમારી વાતને સાચી સમજું છું અને હે લોકો ! તમે પણ એમને સાચા જ સમજો.

———————————————

# મૂડીવાદ અને ઇસ્લામી અર્થવ્યવસ્થા એક બુનિયાદી તફાવત

મૂડીવાદી અર્થવ્યવસ્થામાં ચાર વસ્તુઓને ઉત્પાદનના મુળ સાધનો ગણવામાં આવે છે.

(૧)જમીન.

(૨) મૂડી.

(૩) શ્રમ

(૪) નિયોજન.

આજકાલ માણસની વ્યકિતગત માલિકીની અન્ય વસ્તુઓને પણ મૂડીમાં ગણવામાં આવે છે. અલબત્ત સાચા અર્થમાં મૂડી પૈસા અને નાણાને જ કહેવામાં આવે છે.

મૂડીવાદી વિચારધારા પ્રમાણે આ ચારેવ વસ્તુઓને આવક અને ઉત્પાદનના સાધન ગણવામાં આવે છે. અને જેમ જમીન કે શ્રમના ઉપયોગ ઉપર સમય મુજબ નક્કી ભાડું – મહેનતાણું ચુકવવામાં આવે છે, એ જ આધારે મૂડી એટલે કે પૈસાના ઉપયોગ (કરજ – ધીરાણ) ઉપર પણ સમય મુજબ એનું વળતર વ્યાજના નામે આપવામાં આવે છે.

ઈસ્લામી અર્થવ્યવસ્થા આ બાબતે અલગ દષ્ટિકોણ ધરાવે છે. જમીન અને અન્ય વસ્તુઓ સીધી રીતે ઉત્પાદન કે આવકના સાધનો ગણી શકાય છે, પણ મૂડી – પૈસાને સીધી રીતે આવકનું સાધન ગણવામાં આવતું નથી.

ઈસ્લામી દષ્ટિકોણ મુજબ મૂડી (પૈસા) અને ઉત્પાદનના અન્ય સાધનો (જમીન, મહેનત વગેરે) વચ્ચે ત્રણ બુનિયાદી તફાવત છે.

(૧) વપરાશ.

(૨) વેલ્યુ અને

(૩) માલિકી – જોખમ.

જમીન સીધી રીતે ઉપયોગમાં આવનાર વસ્તુ છે. એનાથી સીધી રીતે લાભ ઉઠાવી શકાય છે. એટલે કે એને એ જ સ્થિતિમાં રાખીને એમાંથી ઉત્પાદન મેળવી શકાય છે. અન્ય રીતે પણ લાભ ઉઠાવી શકાય છે. એટલે જમીનનો માલિક જમીન કોઈને ભાડે આપે તો જમીન વાપરવાનું ભાડું લઈ શકે છે. એનાથી વિપરીત મૂડી અને પૈસો સીધી રીતે ઉત્પાદન આપતી વસ્તુ નથી. મૂડી અને પૈસાને માણસ જયાં સુધી વાપરીને એનાથી કોઈ બીજી ઉપયોગી વસ્તુ ન ખરીદી લે, ત્યાં સુધી પૈસો એને લાભ નથી આપતો. એટલે કોઈને પૈસા આપીને એનું ભાડું (વ્યાજ) લેવું તાર્કિક અને જાઈઝ નથી.

જમીન અને અન્ય વસ્તુઓને ઉપયોગમાં લેવાથી એની વેલ્યુ ઓછી થાય છે, એને ઘસારો લાગે છે. આમ આ વસ્તુઓનું ભાડામાં વસ્તુઓને લાગેલ ઘસારાનો બદલો પણ શામેલ હોય છે. એનાથી વિપરીત મૂડી એટલે કે પૈસો એવો વસ્તુ છે જેને કોઈ ઘસારો લાગુ પડતો નથી. એ યથાસ્થિતિમાં જ રહે છે. એટલે વ્યાજના નામે એનું ભાડું લેવું અયોગ્ય છે.

પૈસા સિવાયની અન્ય વસ્તુઓ મુળ માલિકની માલિકીમાં જ રહે છે, બીજો માણસ ફકત એના લાભ ઉઠાવવા પૂરતો જ એનો કબજો ધરાવે છે. એટલે વસ્તુનો માલિક એની માલિકીની વસ્તુ વાપરવાના બદલામાં ભાડું લઈ શકે છે. એનાથી વિપરીત પૈસા જયારે કોઈને આપવામાં આવે છે તો એ લેનારની માલિકીમાં જતો રહે છે અને તે આ પૈસાની પોતાની માલિકીનો પૈસો સમજીને ખર્ચ કરે છે, એટલે એની પાસેથી ભાડું (વ્યાજ) લેવું ખોટું છે. મુળ માલિક કર્જદાર પાસેથી એની મુળ રકમ પાછી લેવાનો હકદાર છે, પણ એનું ભાડું ન લઈ શકે. ● ● ● ● ●

# નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની
# સાદગી અને લોકસેવા

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અલ્લાહના મહબૂબ અને લોકોના સરદાર હોવા છતાં ઘણા જ વિનમ્ર સ્વભાવના હતા. નબી તરીકે સઘળી જવાબદારીઓ અદા કરતા હતા. લોકોને અલ્લાહના આદેશો શીખવાડતા હતા. અમલ કરવાની તાકીદ અને હુકમ પણ કરતા હતા. ગુનાહોથી બીવડાવતા પણ હતા. ખોટા કામો કરવાની કડક મનાઈ પણ કરતા હતા. જરૂરત પડયે ગુનેગારોને સજા પણ આપતા હતા. આ બધું છતાં કોઈ મોટાઈ દાખવતા ન હતા. સામાન્ય કામકાજમાં પોતાને એક સામાન્ય માનવી સમજીને લોકો વચ્ચે સામાન્ય રીતે જ હળી મળી જતા હતા.

હઝરત અનસ રદિ. કહે છે કે એકવાર કોઈ માણસે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને يا خير البرية 'હે ધરતીના શ્રેષ્ઠ વ્યકિત' કહીને સંબોધ્યા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : આ ઉચ્ચ સ્થાન તો હઝરત ઈબ્રાહીમ અલૈ.નું છે.

હઝરત ઉમર રદિ.ની રિવાયતમાં છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવતા કે, હે લોકો ! મારા વખાણ કરવામાં હદ ન ઓળંગશો. જેમ કે ઈસાઈ લોકો હઝરત ઈસા અલૈ. વિશે કરે છે. હું તો અલ્લાહનો એક બંદો છે એટલે મને અલ્લાહનો બંદો અને રસૂલ જ કહો.

એકવાર એક માણસ મુલાકાત માટે આવ્યો. પાસે પહોંચ્યો તો થરથર કાંપવા લાગ્યો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એને ફરમાવ્યું : ગભરાવો નહીં. હું કોઈ જાહોજલાલી વાળો રાજા નથી. સૂકો ગોશ્ત ખાનારી કુરૈશની એક સ્ત્રીનો છોકરો છે.

બદરની લડાઈ માટે મુસલમાનો મદીનાથી બહાર નીકળ્યા તો સવારીના જાનવરો ઘણા જ ઓછા હતા. દર ત્રણ માણસે એક ઊંટ હતું. એટલે વારાફરતી ઊંટ પર સવાર થવાનું નક્કી થયું. એમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતાનો પણ વારો નક્કી કર્યો અને વારા મુજબ સવારી પરથી

ઉતરીને પગપાળા ચાલતા હતા. સહાબા રદિ.એ અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! આપ ઊંટ ઉપર જ સવાર રહો. ચાલવાની તકલીફ આપ ન ઉઠાવો તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : પગપાળા ચાલવામાં હું તમારા કરતાં કમઝોર નથી. અને સવાબની પણ મને એટલી જ જરૂરત છે.

મક્કામાં એક સ્ત્રી માથે ઘણો બધો ભાર ઊંચકીને જઈ રહી હતી. ભારના કારણે ચલાતું પણ ન હતું. રસ્તે બેઠેલા લોકો આ દશ્ય જોઈને હસતા હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જોયું તો તુરંત આગળ આવ્યા અને એ સ્ત્રીનો ભાર પોતે ઊંચકીને ઘર સુધી એને છોડી આવ્યા.

મુસ્નદે અહમદમાં છે કે, હઝરત ખબ્બાબ રદિ. જયારે એક ગઝવહમાં ગયા તો એમના ઘરમાં કામ કરનાર કોઈ પુરૂષ ન હતો. ઘરની સ્ત્રીઓને દૂધ દોહવાનો અનુભવ ન હતો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ખબર પડી તો રોજ એમના ઘરે જઈને દૂધ દોહી આપતા હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની બરકતથી આખું વાસણ ભરાય જતું હતું.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સોબતનો અસર હતો કે હઝરત અબૂબક્ર રદિ. પણ એમના મહોલ્લામાં લોકોને બકરીઓનું દૂધ દોહી આપતા હતા. જયારે આપને ખલીફા બનાવવામાં આવ્યા તો એક છોકરી કહેવા લાગી કે, હવે તો અબૂબક્ર અમારું દૂધ દોહવાનું છોડી દેશે. હઝરત અબૂબક્ર રદિ.એ કહયું કે, મારી આ નવી જવાબદારીને મારા પાછલા કોઈ કામમાં અવરોધરૂપ નહીં બનવા દઉં.

મક્કામાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ગરીબ અને બેસહારા લોકોની મદદ માટે એમનો સામાન બજારમાંથી ખરીદીને ખભે ઊંચકીને દરેકના ઘરે પહોંચાડતા હતા. એકવાર અબૂસુફયાને આપને જોઈને કહયું કે, ગરીબ, પછાત અને નીચ લોકોનો સામાન ઊંચકીને તમે તમારા કુટુંબને બદનામ કરી રહયા છો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હું હાશિમનો પોત્ર છું. તેઓ અમીર – ગરીબ બધાની સમાન રીતે સહાય અને મદદ કરતા હતા. અને પોતાનાથી ઉતરતી કક્ષાના લોકોને પણ પછાત કે નીચ સમજતા ન હતા.

■ ■ ■ ■ ■ ■ ■ ■ ■ ■ ■

<u>હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને</u>

# ઉમ્મતની મગફિરતની ફિકર

સહીહ મુસ્લિમમાં હઝરત અમ્ર બિન આસ રદિ.ની રિવાયત છે કે એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે કુરઆન શરીફની એક એવી આયત તિલાવત ફરમાવી જે હઝરત ઈબ્રાહીમ અલૈ. વિશે છે, પછી બીજી એક આયત તિલાવત ફરમાવી જેમાં હઝરત ઈસા અલૈ. એમની ઉમ્મત વિશે અલ્લાહ તઆલાના દરબારમાં અરજ કરે છે કે,

إِنْ تُعَذِّبْهُمْ فَإِنَّهُمْ عِبَادُكَ وَ إِنْ تَغْفِرْ لَهُمْ فَإِنَّكَ أَنتَ الْعَزِيزُ الْحَكِيمُ

હે પરવરદિગાર ! તું આ ઉમ્મતને અઝાબ આપીશ તો પણ તેઓ તારા જ બંદા છે, (એટલે એમને અઝાબ આપવાનો તને હક છે.) અને એમની મગફિરત કરીશ તો તું મોટો શકિતશાળી અને હિકમતવાળો છે. (એટલે તું મગફિરતનો ફેસલો પણ કરી શકે છે.)

પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે દુઆ માટે બંને હાથ ઊંચા કર્યા અને ઘણી જ આજિઝી સાથે, રડી રડીને દુઆ કરવા લાગ્યા. વારંવાર ઉમ્મતી, ઉમ્મતી, ઉમ્મતી, (મારી ઉમ્મત, મારી ઉમ્મત...)ના શબ્દો ઉચ્ચારતા હતા.

અલ્લાહ તઆલા હઝરત જિબ્રઈલ અલૈ.ને મોકલ્યા કે જઈને પૂછો : તમે શા માટે રડો છો ? સાથે જ કહેડાવ્યું કે, એમ તો અમને બધી ખબર છે, (પણ તમને રાજી રાખવા માટે અલ્લાહ તઆલા પૂછી રહયા છે.)

હઝરત જિબ્રઈલ નબીએ કરીમ સલ્લલાહુ અલયહિ વ સલ્લમની સેવામાં આવ્યા અને પૂછયું કે શા માટે રડો છો અને દુઆ કરો છો ?

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જવાબ આપ્યો કે,

હું મારી ઉમ્મતની મગફિરત ચાહું છું.

અલ્લાહ તઆલાએ હઝરત જિબ્રઈલ અલૈ. મારફતે જવાબ મોકલ્યો કે,

જાઓ અને જણાવી દયો કે અલ્લાહ તઆલા તમને ફરમાવે છે કે તમારી ઉમ્મત બાબતે અમે તમને રાજી રાખીશું અને તમને નિરાશ નહીં કરીએ.

*(મઆરિફુલ કુરઆન. ૮/૭૬૬)*

# તવહીદનો નબવી સ્વભાવ

હઝરત ઝૈદ બિન હારિસ રદિ. ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને નુબુવ્વત આપવામાં આવી એ પહેલાના ઝમાનામાં મક્કાના લોકો કાબા શરીફનો તવાફ કરતા તો કાબાની આસપાસ મુકવામાં આવેલ બે મૂર્તિઓ 'અસાફ' અને 'નાઈલહ'ને સ્પર્શ કરીને આગળ વધતા હતા. એકવાર હું નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે તવાફ કરી રહયો હતો, હું જયારે આ મુર્તિઓ પાસેથી પસાર થયો તો મેં પણ હાથથી સ્પર્શ કર્યો, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મને આમ કરતાં જોયો તો મનાઈ ફરમાવી.

મને મનમાં થયું કે જોઉ તો ખરો કે આ મુર્તિઓને અડવાથી શું થાય છે ? એટલે ફરીવાર હાથ લગાવ્યો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ જોયું તો વધારે કડકાઈથી મને રોકયો અને ફરમાવ્યું મેં તમને રોકયા હતા છતાં આમ કરો છો ?

હઝરત ઝૈદ રદિ. ફરમાવે છે કે ખુદાના સમ ! ત્યાર પછી મેં કોઈ મુર્તિને હાથ લગાવ્યો નહીં. ત્યાં સુધી કે પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર અલ્લાહ તઆલાએ કુરઆન ઉતાર્યુ અને આપને નબી બનાવવામાં આવ્યા અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે લોકોને મુર્તિપૂજા વગેરેથી રોકવાનું શરૂ ફરમાવ્યું.

આ કિસ્સાથી સ્પષ્ટ થાય છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને નબુવ્વપ પહેલાંથી જ મુર્તિ પૂજા પસંદ ન હતી. આપ પોતે પણ એને નાપસંદ કરતા હતા અને પોતાના સંબંધીઓ માટે પણ પસંદ કરતા ન હતા. હઝરત ઝૈદ રદિ. ત્યારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ગુલામ હતા.

હઝરત ઝૈદ રદિ. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ગુલામ હતા, અને સાથે જ પોતાના સરદાર પ્રતિ ઘણી જ મુહબ્બત રાખતા હતા. એમણે આઝાદ થઈને પોતાના ઘરે જવાના બદલે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સોહબતમાં રહેવાને પ્રાથમિકતા આપી હતી. આ મુહબ્બતની અસરથી જ એમણે ત્યાર પછી ફરીવાર એ કામ કરવાનો ઈરાદો કર્યો નહીં.

શરઈ માર્ગદર્શન

# ફતાવા વિભાગ

મવ. મુફ્તી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફ્તી અહમદ દેવલા
સદર મુફ્તી જામિઅહ જંબુસર

## કેન્સલ સોદા પછી બીજા સોદાનો બધો નફો મુળ માલિકનો ગણાશે.

સવાલઃ (૧) : ખાલિદ ભાઈએ અબૂબક્ર સાથે દુકાનના મામલાત વિશેની સાચી અને સચોટ માહિતી લેટર મારફતે લખી લાવવા વિનંતી કરી, કારણ કે દુકાનની લેવડ – દેવડની સુલેહ (૩) ત્રણ વર્ષ પહેલા ૨૦૦૭ માં મારા વાસ્તે થઈ હતી. તો દુકાનની લેડવ – દેવડ અને સુલેહની વજાહતની સાચી હકીકત આ પ્રમાણે છે.

સૌથી પહેલા ખાલિદ ભાઈએ શહેરમાં ૮,૮૦,૦૦૦ રૂા. માં દુકાન ખરીદી હતી. અને દુકાનનો દસ્તાવેજ અબૂબક્રના નામ પર કરી આપ્યો હતો અને ત્યાર બાદ દુકાનને ભાડે આપી હતી. ૧ વર્ષ પછી અબૂબક્રએ ખાલિદભાઈને વિનંતી કરી કે દુકાનમાં આપણે બંને મળીને ધંધો કરીએ. ખાલિદ ભાઈએ તેમની ઓફર માની આ પ્રમાણે ધંધો શરૂ કરેલો કે દુકાન તો મારી જ છે, અને હું તમને ત્રણ લાખનો માલ ભરી આપું છું, તમારી મહેનત અને દુકાન અને માલ મારો જે કાંઈ નફો આવશે તે આપણે બંને અડધા અડધા ભાગે વહેંચી લઈશું. ત્યાર બાદ ત્રણ મહીના પછી અબૂબક્રે વિનંતી કરી કે દુકાન મને વેચી આપો, હું તમને દુકાનનું ભાડુ જે ત્રણ મહીનાનું છે, તે આપી દઈશ, ખાલિદ ભાઈએ તે વાત મંજુર કરી દુકાન ૮, ૮૦,૦૦૦માં વેચી નાંખી હતી અને દુકાનની કિંમત ૮,૮૦,૦૦૦ રૂા. નક્કી થઈ હતી, તે કિંમતનો વાયદો આ પ્રમાણે થયો હતો કે જયારે મને જરૂર પડશે ત્યારે આપી દઈશું, આ પ્રમાણે બંનેના વચ્ચે સોદો થયો હતો, ત્યાર બાદ સાત મહીના પછી ખાલિદ ભાઈને મકાન ખરીદવા માટે પૈસાની જરૂર પડી તો એમણે માંગણી મારા મારફતે કરી હતી, મેં ફોન

કરી અબૂબક્ર સાથે આ પ્રમાણે વાત કરી હતી, ખાલિદ ભાઈને મકાન લેવા માટે પૈસાની જરૂરત છે, તો તમે વાયદા પ્રમાણે તેમના પૈસા એટલે કે દુકાનની કિંમત જે નકકી થઈ હતી તે દસ દિવસમાં ઈન્તેજામ કરો, તો અબૂબક્રએ મને ફોન ઉપર આ વાત કરી કે ભાઈ મારી પાસે તો ત્રણ રૂપિયા પણ નથી, હું કેવી રીતે આપું, તો મેં એમને સલાહ આપી કે ભાઈ શા માટે ચાલુ રોજીને લાટ મારો છો, તમારી પાસે પૈસા ના હોય તો કોઈની પાસેથી ઉધાર પેટે લઈ લો, અથવા તમારા ભાઈ જે લંડન બોલ્ટનમાં રહે છે, તેમની પાસેથી ઉધાર કર્ઝ પેટે લઈ તેમને આપી દો, અથવા તમારો ફલેટ જે મુંબઈમાં છે, તેને વેચીને આપી દો તો તેમણે કહયું કે તે વેચવામાં મને નુકસાન છે. ત્યાર બાદ પૈસાનો ઈન્તેજામ ન થવાથી રજામંદીથી મઝકૂર સોદાને રદ કરી ઉમરભાઈને દુકાન વેચી દીધી હતી, અને એ પણ રજામંદી ફોન પર આ પ્રમાણે લીધી હતી. જો તમે રાજી હોય તો આ દુકાન ઉમર ભાઈને વેચી આપીએ. તો એમણે પોતાની રાજી ખૂશીથી ઈજાઝત આપી હતી. એમને મેં વાયદો કર્યો કે "ભવિષ્યમાં દુકાન વેચાશે તો તમને દુકાન વેચાણે આપવા વિનંતી કરીશ" અને ૮,૮૦,૦૦૦ થી વધારે કિમત કરે તો ઉપરના પૈસા હું તમને આપીશ, આ પ્રમાણે ફોન ઉપર વાતચીત થઈ હતી. હવે ઉપરની વાતચીતના અનુસંધાનમાં ખાદિલ ભાઈ આપને ફતવો પૂછી રહયા છે કે (૧) જે સોદો આપસની રજામંદીથી કેન્સલ કરી દેવામાં આવ્યો હતો તે રદ ગણાશે કે નહીં ?

(૨) ઉમર ભાઈએ દુકાન ત્રીજી પાર્ટીને દસ લાખ રૂપિયામાં વેચી આપી છે, તો શું ૧ લાખ અને ૨૦ હજાર રૂપિયા અબૂબક્રને માંગવા જાઈઝ છે કે નહીં ? શરીઅતની રોશનીમાં જવાબ આપવા વિનંતી છે.

જવાબ: (૧) حامدًا و مصليًا ومسلمًا શરઈ દ્રષ્ટિએ ખરીદ – વેચાણના સોદાને જયારે ખરીદનાર અને વેચનાર બંને પાર્ટીઓ પરસ્પર રજામંદી અને ખૂશીથી કેન્સલ કરે, તો તે સોદો કેન્સલ થઈ જાય છે અને રદ બાતલ ગણાય છે. સવાલમાં રજૂ કરેલી સૂરતમાં અબૂબક્ર તથા

ખાલિદભાઈ બંનેના દરમિયાન દુકાન વિશે થયેલ સોદાને જયારે બંનેએ આપસની સહમતીથી કેન્સલ કર્યો તો હવે આ દુકાન વિશે થયેલ સોદો રદબાતલ થઈ જશે, અને જયારે સોદો રદબાતલ થઈ ગયો તો હવે દુકાનની માલિકી અબૂબક્રને વેચાણે આપનાર ખાલિદભાઈની ગણાશે, અને ખાલિદ ભાઈએ દુકાનની કિંમત પેટે કોઈ રકમ વસૂલ કરી હોય, તો તે અબૂબક્રને પરત કરવાની રહેશે. (શર્હુલ મજલ્લહ : ૧ / ૯૨)

(૨) સદર સૂરતમાં જયારે કે શરઈ દ્રષ્ટિએ ખાલિદભાઈ તથા અબૂબક્ર વચ્ચે થયેલ દુકાનનો સોદો રદ બાતલ થઈ ગયો અને દુકાનના માલિક ખાલિદ ભાઈ જ બાકી રહયા, તો તેમનું (ખાલિદભાઈનું) ઉમરભાઈને મઝકૂર દુકાન વેચાણ પેટે આપવી દુરૂસ્ત છે અને ઉમર સા. મઝકૂર દુકાનના માલિક ગણાશે અને જયારે ઉમર સા. આ દુકાનના માલિક થયા, તો તેનું વેચાણ ત્રીજી પાર્ટીને કરતા મળેલ નફો ઉમરભાઈનો સ્વતંત્ર ગણાશે તેમાં અબૂબક્ર અથવા ખાલિદભાઈનો કોઈ હક – હિસ્સો શરઈ દ્રષ્ટિએ લાગુ થશે નહીં, કારણ કે નફામાં અબૂબક્રનો હિસ્સો મળવાની એક જ સૂરત છે કે દુકાનમાં તેમનો ભાગ હોય, જયારે કે આ દુકાનમાં તેમનો કોઈ ભાગ નથી, બલકે દુકાન સ્વતંત્ર રીતે ઉમર ભાઈની માલિકીની હતી, માટે દુકાનનું વેચાણ થતા મળેલ બધો જ નફો ઉમરભાઈનો જ ગણાશે અને અબૂબક્રને તેમાંથી માંગણી કરવાનો શરઈ દ્રષ્ટિએ કોઈ જ હક નથી. (દુર્રે – શામી : ૩ / ૩૬૪)

ધ્યાનમાં રહે કે ખાલિદભાઈએ અબૂબક્રને મઝકૂર દુકાન સંબંધિત જે વાયદો કર્યો હતો, કે "ભવિષ્યમાં દુકાન વેચાશે તો તમને દુકાન વેચાણે આપવા વિનંતી કરીશ" આનાથી ઉપરોકતમાં લખવામાં આવેલ શરઈ હુકમમાં કોઈ ફેર પડશે નહીં.

ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

તા. ૬ / મુહર્રમ – ૧૪૩૪ હિજરી

———————————————

બોધકથા .

જંગલનો રાજા સિંહ વૃદ્ધ થઈ ગયો હતો. અશકત અને કમઝોર પડો ગયો હતો. હવે જંગલમાં રખડીને શિકાર કરવાની શકિત એમાં રહી ન હતી.

જંગલના જાનવરો ખબર અંતર પૂછવા એની પાસે આવવા લાગ્યા.

સિંહને યુકિત સૂઝી કે આવનાર જાનવરોમાંથી કોઈકને શિકાર કરી લઈએ તો અહિંયા બેઠા બેઠા જ ખોરાક મળી શકે એમ છે. એટલે કોઈ જાનવર એકલું આવતું તો મોકો જોઈને એને પકડી લેતો અને ફાડી ખાતો.

આવી રીતે આ વૃદ્ધ સિંહને બેઠા બેઠા જ શિકાર મળવા માંડયો.

થોડા દિવસ પછી એક શિયાળ સિંહના ખબર અંતર પૂછવા આવ્યું, પણ એ અંદર સુધી આવ્યું નહીં. ગુફાના દરવાજે ઉભા રહીને જ ખબર અંતર પૂછવા લાગ્યું.

સિંહે એને અંદર આવીને બેસવાની વિનંતી કરવા લાગ્યો. અંદર આવ, બેસીને થોડી વાતો કરીએ તો દર્દ ભૂલાય અને મને સારું લાગે.

પણ શિયાળ ઘણું હોશિયાર હતું. એણે જવાબ આપ્યો કે, રાજાજી ! હું ગુફાના દરવાજે જ સલામત છું. ગુફાના દ્વારે અંદર આવનાર ઘણા જાનવરોના પગલાંના નિશાન દેખાય છે, પણ બહાર નીકળતાં પગલાં મને દેખાતા નથી.

વાર્તાનો સાર આ છે કે,

સંબંધો નિભાવવા જરૂરી છે, સદવર્તન પણ જરૂરી છે. પરંતુ સાવચેતી પણ એટલી જ જરૂરી છે. શિકારી સ્વભાવના અને ભુખ્યા – સ્વાર્થી લોકો આપણા સદવર્તનને ભૂલીને એમનો શિકાર કરવાની પેરવીમાં જ રહેતા હોય છે.

ચેતતો નર સદા સુખી.

---

# Importance of Recitation of Darud and its Virtues

Allah says in the Holy Qur’an: Surely, Allah and His angels send blessings to the Prophet. O you who believe, do pray Allah to bless him, and send your Salam (prayer for his being in peace) to him in abundance (Al-Ahzab: 56).

This verse indicates the position of the prophet (PBUH), which he enjoys among those who are in heavens, i.e. that Allah mentions him in the assembly of Angles and sends His blessings to him, and the angles also supplicate Allah for the high position of the prophet (PBUH). Allah also ordains upon those who are in the earth to send their supplication for the mercy and blessings of Allah on His prophet (PBUH).

It is mentioned in Hadeeth that when this verse was revealed, the companions said "O messenger of Allah (PBUH), we know how to salute you i.e. saying "Assalamu Alaika Ayyuhan Nabi, during salah, How to recite Darud. Allah's messenger (PBUH) instructed them to recited Darud Ibrahimi which the Muslims recite during salah after "At-Tahiyyat." (Bukhari).

**Meaning of Darud**: Sending Darud by Allah to His messenger means showering His mercy on him and exalting his name in the assembly of the

angles. Sending

Darud by angles and Muslims to the Prophet (PBUH) means to supplicate Allah to shower His mercy on the Prophet and exalt his mention.

**Virtues of reciting Darud :**

☆ Allah's Messenger (PBUH) said: "Whoever recites one Darud (Salat) upon me, Allah will send ten Daruds (Salat) upon him. (Muslim)

☆ Allah's Messenger (PBUH) said: "Whoever, from my Ummah, recites, sincerely from his heart, a prayer (Salat) upon me, Allah sends ten blessings upon him, raises his Darajat by ten degrees and records for him ten good deeds and erases off him ten evil deeds". (Nisai)

☆ Based on the sincerity and Taqwa, different rewards have been mentioned in Ahadith for the recitation of Darud.

☆ Allah's Messenger (PBUH) said: ¡§The closest to me from amongst you on the Day of Resurrection will be one who sends more Darud to me. (Tirmizi)

☆ Allah's Messenger (PBUH) said: Sending more Darud to me will cause the forgiveness of small sins. (Tirmizi)

☆ Allah's Messenger (PBUH) said: As long as Darud is not sent to me Duas are stopped

from being accepted. (Tabrani)

☆ Allah's Messenger (PBUH) said: May his nose soil with dust in whose presence mention is made of me and he does not supplicate for me. (Tirmizi)

☆ Jibrail (AS) invoked Allah against the one who does not recite Darud upon hearing of the name of Allah's Messenger (PBUH) saying: May that person be destroyed in whose presence you are mentioned and who does not confer blessings upon you. Allah's Messenger (PBUH) said "Amen"

☆ Allah's Messenger (PBUH) said: The miser is the one in whose presence I am mentioned but he does not supplicate for me. (Tirmizi)

There are many wordings reported in Ahadith for Darud. However, the below mentioned words of Darud (Darud-e-Ibrahimi) are the best among them:

(Allahumma Salle Ala Muhammad, wa Ala Aale Muhammad Kama Sallaita Ala Ibrahima, wa Ala Aale Ibrahima, Innaka Hameedum Majeed).

O Allah! Send Your Blessings on Muhammad and the family of Muhammad, as You sent your Blessings on Ibrahim and on the family of Ibrahim, for You are the Most Praiseworthy, the Most Glorious.' ▪ ▪ ▪

### માણસની કમઝોરી

માણસની અસલ કમઝોરી શરીરથી દુર્બળ હોવું નથી. બલકે અજ્ઞાનતા મોટી કમઝોરી છે. અને પોતાના અંદર મોજૂદ શકિતને ન ઓળખવી, એનાથી વધારે મોટી કમઝોરી છે.

### મોટું નુકસાન

માણસ કોઈના વિશે જૂઠું બોલે એ મોટી ખામી નથી, પણ હવે પછી આવા માણસ ઉપરથી વિશ્વાસ ઉઠી જશે એ મોટું નુકસાન છે.

### શરાફત શા માટે ?

માણસે શરાફત અને અને અમાનતદારી અપનાવવી જોઈએ. એટલા માટે નહીં કે આ સારા માણસના સંસ્કાર છે, બલકે એટલા માટે કે કમીનાપણું અને ખયાનત માણસને શોભતી બાબત નથી.

### મહેનતનું સાચું ફળ

મહેનત ફકત સફળતા નથી આપતી, બલકે માણસની ઓકાત અને મહત્વતા પણ વધારે છે.

### સંતુષ્ઠ લોકો

જે લોકો એમને ઉપલબ્ધ હોય એવી રાહતોને માણીને ખુશ રહે છે, તેઓ દુનિયામાં સૌથી વધારે સંતુષ્ઠ માણસો હોય છે.

### બુદ્ધિ અને ઉમર

બુદ્ધિને ઉમર સાથે કોઈ લેવા દેવા નથી. ઘણા નાના બાળકો એવી વાત કહી દે છે કે મોટાઓ મોઢામાં આંગળા નાખી દે છે, અને ઘણા ઘરડાઓ એવી વાતો કરે છે કે બાળકોને પણ હસવું આવી જાય છે.

### હક માટે લડવા તૈયાર રહો

એક વાત માણસે સૌથી પહેલાં સમજી લેવી જોઈએ કે ચુપ રહેનારને એનો હક જલદી મળતો નથી. માણસે એના માટે થોડો ઘણો શોર કરવો પડે છે.

### સમય કેવો જાય છે ?

રાહ જોનાર માટે સમય ઘણો ધીરો ચાલે છે. મુસીબતના દિવસો ઘણા લાંબા લાગે છે. પણ... ખુદાની મુહબ્બતમાં રહેનારને સમયની ફિકર નથી હોતી.

### જીવનની મજા

જીવનમાં ઉચ્ચ ધ્યેય જરૂરી છે. ફકત એટલા માટે નહીં કે આપણે એને પામવા મહેનત કરીએ, બલકે એના થકી જ જીવનનો આનંદ છે. લક્ષ્ય અને ધ્યેય વગરનું જીવન સ્વાદ વગરના ખાણા કરતાં પણ વધારે બેકાર હોય છે.

### ઇલ્મના બે પ્રકાર

ઈલ્મ – જ્ઞાન બે પ્રકારના હોય છે. એક : શબ્દોનું જ્ઞાન, જેના વડે તમે લોકો ઉપર પ્રભાવ પાડી શકો. બે : અંતરનું જ્ઞાન, જે માણસને એટલો બધો સંતોષ આપે કે માણસ ચુપ થઈ જાય. આ જ 'ઈલ્મે નાફેઅ' છે.

### બધી વાતો જાણવી જરૂરી નથી.

માણસે દરેક વસ્તુ જાણવી જરૂરી નથી. ઘણી સારી વસ્તુઓ અને બાબતો એવી હોય છે જેને આપણે ન જાણીએ એમાં જ આપણી ભલાઈ હોય છે.

## *દુઆએ મગફિરત*

પાછલા દિવસોમાં જંબુસર ખાતે શહેરના આગેવાન, સમાજ સેવક અને જામિઅહના હમદર્દ – સમર્થક જનાબ મુહમ્મદ આદમ ભાઈ ચેલકુ સાહેબ ટુંકી માંદગી બાદ ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ..

જામિઅહના ટ્રસ્ટી હાજી યૂસુફ ભાઈ મક્કનના ભાઈ જનાબ ઈસ્માઈલભાઈ મક્કન સાહેબ પણ પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ.

બચ્ચોં કા ઘર વાગરાના મોહતમિમ જનાબ મુફતી ઈલ્યાસના વાલિદહ આછોદ પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયાં. ઈન્નાલિલ્લાહ.

મુળ સારોદના અને જંબુસરમાં સ્થાયી, કોમ અને સમાજના હમદર્દ, નેકદિલ જનાબ ગુલામભાઈ કાપડીયા સાહેબ જંબુસર ખાતે અચાનક ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ.

જામિઅહના સ્થાપક અને મોહતમિમ હઝ. મુફતી અહમદ સાહેબ દા.બ.ના ભરૂચ ખાતેના દોસ્ત, જામિઅહના હમદર્દ અને સહાયક જનાબ હાજી અબ્દુલ હક અને હાજી કાસિમ હિટલર સાહેબના વાલિદહ મોહતરમહ પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયાં. ઈન્નાલિલ્લાહ.

જામિઅહના હમદર્દ જનાબ આસિફ ભાઈ દામનગરી સાહેબના પિત્રાઈભાઈ પાછલા દિવસોમાં ઈન્તેકાલ થયાના સમાચાર છે. ઈન્નાલિલ્લાહ.

મુળ મલેકપોર, જિ. નવસારીના અને બોત્સવાના ખાતે સ્થાયી જામિઅહના મુહસિન મોલ્વી અબ્દુલ કાદિર સાહેબ પણ પાછલા દિવસોમાં અલ્લાહની રહમતે પહોંચી ગયા. ઈન્નાલિલ્લાહ.

મનુબર ખાતે જામિઅહના હમદર્દ અને શુભેચ્છક, મનુબરના માજી સરપંચ, નેકદિલ અને સખી સ્વભાવ ધરાવતા, સામાજિક કાર્યકર જનાબ ઐયૂબ વલી સાહેબ પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ.

*અલ્લાહ તઆલા બધા મરહૂમીનની મગફિરત ફરમાવે, અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. એમના સગાઓને સબ્રે જમીલ અતા ફરમાવે. એમની નેકીઓને કુબૂલ ફરમાવીને આખિરતમાં બેહતરીન બદલો આપે, એમની અવલાદ અને ખાનદાનને પણ એમની નેકીઓની બરકતથી નવાઝે અને એમના રસ્તે ચાલીને નેકી – સેવાની તોફીક આપે.*

*અલબલાગના વાચકોથી મરહૂમનીન માટે દુઆએ મગફિરત અને ઈસાલે સવાબ કરવાની દરખાસ્ત છે.*